વર્ષ : ૪૭ ❖ અંક : ૧૦
ઓક્ટોબર-૨૦૨૩

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ

## પોટર્સબાર દેરાસર, લંડન (યુ.કે.)



શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૯ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૮ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

## શ્રી પર્યુષણ મહાપર્વ નિમિત્તે સંસ્થામાં યોજાયેલ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોની ઝલક



શ્રી જિનાભિષેક



ગુરુકુળના વિદ્યાર્થીઓ - ભક્તિસંગીત



પૂજ્ય બહેનશ્રી



આદ. બા.બ્ર. પંકજભૈયા



આદ. બા.બ્ર. સુરેશજી







શ્રી ભક્તામર મહાઅર્ચના

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ .............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) ધર્મની સર્વાંગી આરાધના ....... પૂજ્યશ્રી આત્માનંદજી.... ૬

(૩) શ્રી સ્વરૂપ સંબોધન ........ બા.બ્ર.શ્રી સુરેશજી...... ૧૦

(૪) પરમનો સ્પર્શ .... પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ .. ૧૨

(૫) શ્રી પૂજ્યપાદ આચાર્ય ..... પ્રા. ચંદાબહેન પંચાલી ..... ૧૫

(૬) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૧૮

(૭) સત્સમાગમ ......... શ્રી રમેશભાઈ ખંધાર ........... ૨૫

(૮) આંતરદીપ પ્રગટાવો ........ શ્રી ભાનુબેન શાહ ....... ૨૮

(૯) મુમુક્ષુઓનો અંતરનાદ ... મુમુક્ષુ બહેન ... ૩૦

(૧૦) આદ. બા.બ્ર.શ્રી સુરેશજીની યુ.કે.ની ધર્મયાત્રા ....... ૩૧

(૧૦) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૬



**વર્ષ : ૪૭ ઓક્ટોબર-૨૦૨૩ અંક-૧૦**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216 **IFSC CODE :** SBIN0000691

**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2008-2009**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઇલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,

**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩

**: મુદ્રણસ્થાન :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે કે, “વિષમભાવના નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે જ્ઞાનીપુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે અને ભવિષ્યકાળે વર્તશે તે સર્વને નમસ્કાર.”

હે પ્રભુ ! અમે પણ એ સર્વને નમસ્કાર કરીએ છીએ, પરંતુ પ્રથમ નમસ્કાર તો આપને જ કરીશું! આપે તો અમને આત્મદૃષ્ટિ આપીને મોક્ષમાર્ગ સમજાવ્યો! વળી, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિએ જેમાં સમાય છે એવા અવિષમ ઉપયોગને આપે નમસ્કાર કર્યો છે. એ અવિષમ ઉપયોગ તો આપનામાં પૂર્ણપણે પ્રગટ હતો ! તેથી ફરી ફરી આપને નમસ્કાર કરીએ છીએ.

આપના આ અવનિ ઉપરના અવતરણ અને દેહપરિવર્તનના અત્યંત સફળ જીવનમાં વિશિષ્ટપણે વિષમતાઓ જ દૃષ્ટિગોચર થાય છે. પૂનમની રાત્રે જ્ઞાનરવિનો ઉદય, અજ્ઞાન અંધકારમાં જ્ઞાનનો પ્રકાશ, બાલ્યવયમાં જ્ઞાનવૃદ્ધનો આભાસ, વૈશ્યવેષમાં ઉદાસીનતાનો વાસ, હીરામોતીમાં અધ્યાત્મનો પ્રતિભાસ, વિપુલ ધનરાશિમાં આત્મા અતિ ઉદાસ, મોહમયીમાં અમોહ સ્વરૂપનો નિવાસ, સુખમાં પણ સુખાભાસ, પુરુષસિંહમાં પરમ કારુણ્યનો વાસ, સંસારના યોગમાં વૈરાગ્યનો જોગ, તરણતારણને અલ્પ આયુષ્યનો ભોગ, ઉપાધિમાં સમાધિનો સંજોગ, કળિયુગમાં સત્યુગનો વાસ, કૃશદેહમાં પરમબુદ્ધિનો આવિષ્કાર, અહિંસકના હાથે કપાયો પર વાર, વસુંધરાને થયેલો કૃશદેહનો પણ ભાર! શું કહીએ? અને કેટલું કહીએ ? માત્ર એટલું કહીશું-

તિમિર વિદારક, જ્યોતિ પ્રકાશક, તમો જીવોના તારણહાર,<br>
ચરણકમળમાં વંદન કરીએ પ્રભુ! આપને વારંવાર.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક-૨૪૨

**મુંબઇ, ચૈત્ર, ૧૯૪૭**

ૐ



તમારા કાગળ પ્રાપ્ત થયા છે. આ પત્ર આવવા વિષે સર્વથા ગંભીરતા રાખજો.

તમે સૌ ધીરજ રાખજો અને નિર્ભય રહેજો.

સુદૃઢ સ્વભાવથી આત્માર્થનું પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિષહો આવવાનો સ્વભાવ છે, પણ જો તે પરિષહ શાંત ચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘ કાળે થઇ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પ કાળમાં સાધ્ય થાય છે.

તમે સૌ એવા શુદ્ધ આચરણથી વર્તજો કે વિષમ દૃષ્ટિએ જોનાર માણસોમાંથી ઘણાને પોતાની તે દૃષ્ટિનો કાળ જતાં પશ્ચાત્તાપ કરવાનો વખત આવે.

નિરાશ ન થવું.

ઉપાશ્રયે જવાથી શાંતિ પસરાતી હોય તો તેમ કરવું. સાણંદ જવાથી અશાંતિ ઓછી થતી હોય તો તેમ કરવું. વંદન, નમસ્કાર કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી. ઉપાશ્રયે જવાની વૃત્તિ થાય તો મનુષ્યનો બહુ સમુદાય હોય ત્યારે ન જવું, તેમ સર્વથા એકાંતમાં પણ ન જવું. માત્ર થોડાક યોગ્ય માણસો હોય ત્યારે જવું. અને જવું તો ક્રમે કરી જવાનું રાખવું, ક્વચિત્ ક્લેશ કરે તો સહન કરવો. જતાં જ પ્રથમથી બળવાન ક્લેશ કરવાની વૃત્તિ દેખાય તો કહેવું કે “આવો ક્લેશ માત્ર વિષમ દૃષ્ટિવાળા માણસો ઉત્પન્ન કરાવે છે. અને જો તમે ધીરજ રાખશો તો અનુક્રમે તે કારણ તમને જણાઇ રહેશે. વગર કારણે નાના પ્રકારની કલ્પના ફેલાવવાનો જેને ભય ન હોય તેને આવી પ્રવૃત્તિ યોગ્ય છે. તમારે ક્રોધાતુર થવું યોગ્ય નથી. તેમ થવાથી ઘણા જીવોને માત્ર રાજીપો થશે. સંઘાડાની, ગચ્છની અને માર્ગની વગર કારણે અપકીર્તિ થવા પ્રત્યે તમારે ન જવું જોઇએ અને જો શાંત રહેશો તો અનુક્રમે આ ક્લેશ સર્વથા શમી જશે. લોકો તે જ વાત કરતાં હોય તો તે તમારે નિવારવી યોગ્ય છે, ત્યાં તેને ઉત્પન્ન કરવા જેવું અથવા વધારવા જેવું ન કથવું જોઇએ. પછી જેમ આપની ઇચ્છા.”

મુનિ લલ્લુજી પ્રત્યે તમે મારે માટે કહેલું છે તે વાત સિદ્ધ કરવા હું માગું છું એમ જણાવે તો જણાવવું કે “તે મહાત્મા પુરુષ અને તમે ફરી મળો ત્યારે તે વાતનો યથાર્થ ખુલાસો મેળવી મારા પ્રત્યે ક્રોધાતુર થવું યોગ્ય લાગે તો તેમ કરશો. હાલ તમે તે વિષે યથાર્થ ખુલાસેથી શ્રવણ નહીં કર્યું હોય એમ જણાય છે.

તમારા પ્રત્યે દ્વેષબુદ્ધિ કરવાનું મને કહ્યું નથી. તેમ તમારા માટે વિસંવાદ ફેલાવવાની વાત પણ કોઇને મોઢે મેં કરી નથી. આવેશમાં કિંચિત્ વચન નીકળ્યું હોય તો તેમ પણ નથી. માત્ર દ્વેષવાન જીવોની આ બધી ખટપટ છે.


તેમ છતાં જો તમે કંઇ આવેશ કરશો તો હું તો પામર છું એટલે શાંત રહ્યા સિવાય બીજો કોઇ મારો ઉપાય નથી, પણ આપને લોકોના પક્ષનું બળ છે, એમ ગણી જો આવેશ કરવા જશો તો થઇ શકશે. પણ તેથી આપને, અમને અને ઘણા જીવોને કર્મનો દીર્ઘબંધ થશે; સિવાય બીજું ફળ નહીં આવે અને અન્ય લોકો રાજી થશે. માટે શાંત દૃષ્ટિ રાખવી યોગ્ય છે.”

આવું કોઇ પ્રસંગે કહેવું ઘટે તો કહેવું. પણ તે કંઇક પ્રસન્નતામાં દેખાય ત્યારે કહેવું અને કહેતાં તેની પ્રસન્નતા વધતી જતી હોય, અથવા અપ્રસન્નતા

**(અનુસંધાન પાના નં. ૧૭ પર)**

# ધર્મની સર્વાંગી આરાધના (ભાગ-૪)

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



**શંકાઃ** વિચાર વિકલ્પ રૂપે હોય કે વિચાર અને વિકલ્પમાં કોઈ અંતર છે?

**સમાધાનઃ** એને જ વિચાર કહેવાય, કૃપાળુદેવે ૬૭માં શિક્ષાપાઠમાં કહ્યું છે-
"એના વિચાર વિવેકપૂર્વક,
શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં
સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં."

અહીં બે શરત મૂકી છે - એક 'વિવેકપૂર્વક' સત્-અસત્ નો નિર્ણય, આત્મા-અનાત્માનો નિર્ણય. વિવેક સામાન્ય. પછી સૂક્ષ્મ ભેદજ્ઞાનમાં જવું અને બીજી શરત 'શાંત ભાવે' એ પણ વિચારવા યોગ્ય છે. એકવાર આપણે કહ્યું હતું કે અભેદ રત્નત્રયની સિદ્ધિ માટે પણ જ્ઞાન છે, અને જ્ઞાન ખાતર પણ જ્ઞાન છે. અભેદ રત્નત્રયની સિદ્ધિ માટે પણ શ્રદ્ધા છે, અને શ્રદ્ધા ખાતર પણ શ્રદ્ધા છે. એવી જ રીતે અભેદ રત્નત્રયની સિદ્ધિ માટે પણ ચારિત્ર છે, અને ચારિત્ર ખાતર પણ ચારિત્ર છે.

આપણે ધ્યાન કરવા બેઠા. પાંચ-દસ મિનિટમાં મન શાંત થયું. પણ પછી એકદમ વ્યાકુળતા થઈ ગઈ. ભગવાનને યાદ કરવાનો પ્રયત્ન કર્યો, બે-ત્રણ મિનિટમાં ફરી બીજી વાતો યાદ આવી ગઈ. આવું થયું તો શું કરવું ? શાંતિથી કોઈ શાસ્ત્ર લઈને ઉઘાડીને વાંચવું. કારણ કે ઉપયોગ કોઈ રીતે હાથમાં રહેતો નથી. તો આવી રીતે એને સ્થૂળ વસ્તુમાં જોડવો. ત્યાં જ્ઞાન ખાતર પણ જ્ઞાન ઈષ્ટ છે, બાકી તો રત્નત્રયની પ્રાપ્તિ માટે જ ઈષ્ટ છે. સર્વજ્ઞાન તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે છે પણ આત્મજ્ઞાન ન થાય ત્યાં સુધી શું જ્ઞાન છોડી દેવું ? ના, જ્ઞાન ન છોડવું પણ જે વધારે પ્રયોજનભૂત હોય તે પહેલા કરવું. આ નરકમાં કેટલા નારકીઓ છે અને નારકીઓના બિલ કેટલા છે એ બધું પછી, છેલ્લે. અત્યારે આયુષ્ય પણ સીમિત છે અને બુદ્ધિ પણ સીમિત છે. માટે શ્રદ્ધા ખાતર પણ શ્રદ્ધા કરવી અને પછી અભેદ રત્નત્રયની સિદ્ધિ માટે પણ જે શ્રદ્ધા છે તે વિશેષ ઉપકારી શ્રદ્ધા છે.

એક બીજું દૃષ્ટાંત જોઈએ. વેવાઈને ત્યાં ગયા હોઈએ. ત્યાં બધાની સાથે જમવા બેઠા હોઈએ ને જમી લીધું હોય, પણ બધા બેઠા હોય તેથી ઉઠાય નહીં ને બેસી રહીએ. હવે વેવાઈ બીજા કોઈ મહેમાનને લેવા ઍરપોર્ટ ગયા હોય તે પાછા આવે. જમી લીધું હોય તો પણ તેઓ કાજુકતરી મોઢામાં આપી ખવડાવવા લાગે, આગ્રહ કરે કે ખાવી જ પડશે, આટલી લો, આટલી લો. તો ? ભૂખ ન હોય, રુચિ પણ ન હોય, પેટ ભરાઈ ગયું હોય. તો પણ ખાવા માટે નહીં પણ એમનું માન રાખવા માટે થોડી લેવી પડે છે. વ્યવહારમાં આવું કરવું પડે છે. એવી રીતે જ્ઞાન ખાતર પણ જ્ઞાન લેવું પડે. એવી જ રીતે આત્મજ્ઞાન વગર કોઈ નિયમ લે, તો એનો વાંધો નથી. પણ પોતાને સાચો વ્રતી ન માને એ એના માટે જરૂરી છે. આમ, આત્મજ્ઞાન ન હોય તો વ્રત-નિયમ લેવા ખોટા છે, આ ચારિત્ર ખોટું છે, શરીરની ક્રિયા છે એવું કોઈ કહે, તો આ બાબતને એકાંતે ન લેવી કારણકે સિદ્ધાંતમાં એ પ્રકારની દીક્ષાનો પણ સ્વીકાર કર્યો છે.

તો જે વિચાર આપણને ક્રમે કરી વિચારકમાં લઈ જાય તે વિચાર કરવા યોગ્ય છે. વિચાર કરતાં કરતાં વિચારકમાં જવાનું છે. રેંટિયો ઘણાએ જોયો હશે. રેંટિયો ફેરવતા જઈએ ને એક તરફથી પૂણી કાંતતા જઈએ, તો બીજી તરફ લાંબો તાંતણો થતો જશે. એ તાંતણાઓ આંટીમાં ભેગાં થતાં જશે. આત્મા પણ અનાદિ પૂણી છે. આત્મા કોઈ દિવસ

વિચાર કરતો બંધ નહીં થાય. બુદ્ધિપૂર્વક હોય કે અબુદ્ધિપૂર્વક વિચાર ચાલુ જ રહેશે. આથી મહાપુરુષો કહે છે કે એવો વિચાર કરવો કે જેથી વિચારક તરફ જઈ શકાય. આ કથન દ્રવ્યાનુયોગની અપેક્ષાનું છે. એને જો ચરણાનુયોગની અપેક્ષાએ સમજવું હોય તો ? વચનામૃતમાં ૧૫માં પાઠની છેલ્લેથી બીજી કડી -

"શુભભાવ વડે મન શુદ્ધ કરો,
નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો,
ભજીને ભગવંત ભવંત લહો."

ભગવાનની, ગુરુદેવની કે ધર્મની ભક્તિ રૂપ પ્રશસ્તભાવ કરવાની આજ્ઞા કરી પણ એ દ્વારા એ પ્રશસ્તનું મૂળ જેમાંથી ઉદ્‌ભવે છે, ખરેખર તો ત્યાં જવાનું કહ્યું છે. 'શુભ ભાવ વડે મન શુદ્ધ કરો.' શુદ્ધને પકડવા માટે પંચપરમેષ્ઠીનો આશ્રય કરવો. એ એકલો શુભભાવ નથી. વિચારીએ તો પંચપરમેષ્ઠી એ મિશ્રધારા છે. આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ જ્ઞાનધારા છે પણ એ દરેક સમય નથી રહેતી. આત્મજ્ઞાનની ક્ષણો થોડી જ હોય છે. વિચારમાં પણ અને ઉપયોગમાં પણ શુભ, અશુભ અને શુદ્ધ ત્રણેય ચાલે છે. તેઓ 'બાર ભાવના' ભાવી રહ્યા છે, ત્યારે સવિકલ્પ છે. ભગવાનને તથા ગુરુને યાદ કરે છે, દશ લક્ષણનો વિચાર કરે છે. આ બધું પણ સાક્ષાત્ જ્ઞાનધારા ન કહેવાય. સાક્ષાત્ જ્ઞાનધારાની દશા એ તો નિર્વિકલ્પ આત્માનુભવ જ છે. અધ્યાત્મની દૃષ્ટિએ વિચારીએ તો આ બધું નિર્વિકલ્પતામાં સહાયક છે, પણ નિર્વિકલ્પ દશા નથી. માટે મિશ્રધારા છે. પણ મિશ્રધારા જ તો મુખ્ય છે. આ કાળની અપેક્ષાએ આપણે કોઈ એક બહુ જ મોટા આચાર્યનો વિચાર કરીએ. ધારો કે કુંદકુંદસ્વામી. લગભગ ૮૬ વર્ષ એમણે મુનિપણું પાળ્યું. એમાં આત્માનો અનુભવ કેટલો વખત થયો? એક વર્ષથી પણ ઓછો સમય, એક મહિનો પણ કહી શકીએ. ૮૬ વર્ષમાં આત્માનો અનુભવ સતત કેટલી વાર થયો ? એક દિવસમાં સવારે પાંચ સેકન્ડ થયો, પછી બપોરે ૧૦ સેકન્ડ થયો, પછી સાંજે ૩ સેકન્ડ થયો, પછી રાતના ૧૨ સેકન્ડ થયો. તો આખા દિવસમાં કુલ ૩૦ સેકન્ડ થયો. પછી ટોટલ કરતાં-કરતાં મિનિટો અને કલાકો ગણો, એના દિવસો કરો, આ ઉમેરતા જાઓ અને કુલ સમયની ગણતરી કરો. તો ખ્યાલ આવશે કે દુનિયાના જીવો જેવું માને છે એવું નથી. ગુરુ તો કાયમ આત્માના અનુભવમાં જ રહ્યા કરે, એવું નથી. કોઈ પણ જીવ આત્માના અનુભવમાં લાંબો સમય રહી શકે એવી વ્યવસ્થા અત્યારે નથી.

વર્તમાનમાં કરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધ-ઉપયોગ તો છે જ નહીં. કેમ નથી એ સમજીએ. કરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગ માત્ર શ્રેણીમાં જ હોય છે, જે વર્તમાનમાં નથી. માટે કોઈપણ જીવ હોય એને કરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગ નથી. એનું બસ આગમપ્રમાણ છે. કરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગ આઠમા ગુણસ્થાને ચાલુ થાય અને વર્તમાનમાં આઠમું ગુણસ્થાન નથી. આમ, ચરણાનુયોગની અપેક્ષાએ શુદ્ધોપયોગ છે. જ્ઞાનીને હોય એ શુદ્ધ ભાવ કહેવાય. માટે જ્ઞાનીને પણ શુદ્ધોપયોગ નથી. જ્ઞાનીને શુદ્ધભાવ છે કારણ કે પ્રત્યાખ્યાનાવરણીય બાકી છે, સંજવલન બાકી છે, અને જો અવિરત હોય તો અપ્રત્યાખ્યાનાવરણીય પણ બાકી છે. માટે જેમ હોય તેમ સમજવું જોઈએ. એક બાજુએથી સમજવાથી ભ્રમ થાય અને આગમથી વિરોધ આવે. અને એ પણ સમજવું કે મિશ્રધારામાં શુદ્ધ અને અશુદ્ધ બંને હોય; તેમજ અશુદ્ધમાં પણ બે હોય-શુભ અને અશુભ. એ ગુણસ્થાન પ્રમાણે હોય.

મુનિમહારાજ જ્યારે કંઈ પણ કરે ત્યારે દૃષ્ટિ અને લક્ષ્ય હોય ત્યાં સુધી જો સવિકલ્પ હોય તો અશુદ્ધ ધારા કહેવાય અને નિર્વિકલ્પ હોય તો શુદ્ધધારા કહેવાય. ઉપયોગની અપેક્ષાએ, સિદ્ધાંતની અપેક્ષાએ. બાકી તો લબ્ધ્યાત્મક અનુભૂતિ તો કાયમ છે પણ એ લબ્ધ્યાત્મક અનુભૂતિ કાયમ હોવાથી એમને નિર્જરા થાય છે, જોકે તે નિર્જરાને ચરણાનુયોગમાં ગણી નથી. માટે નિશ્ચય સમ્યક્‌દૃષ્ટિ ધર્માત્માને પણ ચરણાનુયોગમાં સિદ્ધાંતની અપેક્ષાએ સાક્ષાત્ મોક્ષમાર્ગમાં કહ્યા નથી. ચોથા ગુણસ્થાનવાળા

સાક્ષાત્ મોક્ષમાર્ગમાં નથી. અને લબ્ધ્યાત્મક અનુભૂતિ સાથે એનો કોઈ સંબંધ નથી. લબ્ધ્યાત્મક અનુભૂતિ બેંકમાં જમા પડેલા રૂપિયા જેવી છે, જેનું વ્યાજ મળતું રહે. માટે લક્ષ્ય એ હોવું જોઈએ કે ઉપયોગમાં કઈ રીતે અનુભૂતિ થાય? ઉપયોગમાં અનુભૂતિ થાય એનો ઉદ્યમ કરવાનો. કારણકે લબ્ધ્યાત્મક અનુભૂતિ આપણને શુદ્ધ ભાવ તરફ લઈ જતી નથી. માત્ર તીવ્ર અશુભ ભાવથી કાયમ રક્ષણ કરે. જોકે ગુણશ્રેણી નિર્જરા તો થાય છે. આમ, એ બેંકમાં મૂકેલ રૂપિયા જેમ અમુક લાભ તો આપ્યા જ કરે છે પણ એટલા લાભથી અબજોપતિ બનાય નહીં. અબજોપતિ બનવું હોય તો બીજું કમાવું પડે.

લબ્ધ્યાત્મક અનુભૂતિમાં વધારો થાય નહીં, એ વધે નહીં. પૂર્વનાં કર્મોની નિર્જરા થવા લાગી છે, અનંતાનુબંધી એને થતાં નથી અને ત્રીજું, સ્ટેમ્પ લાગ્યો કે હવે તેને મોક્ષે જવું જ પડશે, એને ન જવું હોય તો પણ. જોકે લબ્ધ્યાત્મક અનુભૂતિ સર્વમાન્ય નથી. કોઈ આચાર્યદેવે એનું વિશેષ કથન કર્યું નથી, માટે એને એટલું જ મહત્ત્વ આપી શકાય.

**શંકાઃ** શું શુદ્ધભાવ અને શુદ્ધોપયોગ એક જ છે?

**સમાધાનઃ** શુદ્ધભાવ અને શુદ્ધોપયોગ કથંચિત્ એક છે, પણ તરતમતા આધારિત છે. ચોથા ગુણસ્થાને જે શુદ્ધ ભાવ છે તેને શુદ્ધ ભાવ કહેવાય. શુદ્ધોપયોગ એ મોટી વાત છે. છતાં તમે કોઈ અપેક્ષાએ લો તો કંઈ વાંધો પણ નથી. સ્યાદ્વાદ લગાડો. અશુભ અને અશુભનો અભાવ કર્યો - જેટલા સમય માટે પણ - એક સેકન્ડ, બે સેકન્ડ માટે, તો તેટલા સમય માટેના જ્ઞાનીના તે ભાવને તમે શુદ્ધભાવ કહો તે પણ બરાબર છે અને શુદ્ધોપયોગ કહો તો પણ વાંધો નથી. પણ એનો અર્થ સમજવો જરૂરી કે એ લાંબો સમય ટકે નહીં અને આગળની દશા પ્રગટે નહીં ત્યાં સુધી એને મોટું કહેવાય નહીં. જેમકે આજ-કાલ મુંબઈમાં કોઈ વ્યક્તિ પાસે એક-બે કરોડ રૂપિયા હોય એને કોઈ મોટો શ્રીમંત કહે તો એ વાત ખોટી કહેવાય. મુંબઈ જેવી જગ્યાએ એક-બે કરોડની રકમ ખાસ મોટી ન કહેવાય ચાલીસ-પચાસ કરોડ ઉપર જાય ત્યારે શ્રીમંત કહેવાય.

સંક્ષેપમાં કહેવું હોય તો, જ્યારે કષાયોનો અભાવ થયો હોય તેને શુદ્ધ ભાવ કહેવાય અને વધારે કષાયોનો અભાવ થયો હોય એને શુદ્ધોપયોગ કહેવાય. ઉદાહરણથી સમજીએ. બાબો બાલમંદિર, સ્કુલ વગેરેમાં ભણે છે, ત્યાં સુધી એને બાબો કહેવાય. પછી P.hd થઈ ગયો હોય ને ક્યાંક સારી પોસ્ટ પર કામ કરતો હોય, ત્યારે બે બાબાને 'સાહેબ' કહેવાય.

ગ્રંથિભેદ સાથે છે એ શુદ્ધ ભાવ છે. એકલો મંદ કષાય છે તે પોતે શુદ્ધ ભાવ નથી. મંદ કષાય અને એની સાથે આત્માનું પરિજ્ઞાન, આત્માની શ્રદ્ધા અને આત્માનો અંશ હોવો જોઈએ. પણ એ પણ સાચું કે મંદ કષાય ન હોય એને શુદ્ધ ભાવ થાય નહીં. આ પૂર્વશરત છે. **"કષાયની ઉપશાંતતા"** ખેતર ખેડ્યા વગર બી વાવી દીધા તો કેટલો પાક ઊગે? આમ, બંનેની જરૂર છે. માટે આપણે બંને અપેક્ષાઓને સાચવીને સત્યને અનુસરવું. **"નય પક્ષથી વિહીન ભાખ્યો તે સમયનો સાર છે."** મહાપુરુષોની નિષ્પક્ષતા ન જાણવાને લીધે કોઈ પ્રશ્ન કરે કે કુંદકુંદસ્વામી તો નિશ્ચયનયમાં માનતા હતાં એટલે એમ કે એ વ્યવહારનયમાં માનતા ન હતા? તેથી એમણે જે પ્રરૂપણા કરી તે ખોટી? ભાઈ, તે નિયમસાર વાંચ્યો છે? રયણસાર વાંચ્યો છે? બાર હજાર શ્લોક પ્રમાણ ધવલાજીની ટીકા વાંચી છે ?

ખરેખર તો 'નિયમસાર'માં ગૃહસ્થધર્મની કોઈ વાત નથી. ફક્ત અને ફક્ત મુનિ ધર્મ વિશે જ વર્ણન છે. એમાં અણુવ્રતનું નામ પણ નથી; ફક્ત મહાવ્રત, સમિતિ અને ગુપ્તિનું જ વર્ણન છે. માટે એ ગ્રંથમાં શ્રાવકનો સીધો પ્રવેશ છે પણ નહીં. એ પ્રમાણે 'સમયસાર'માં પણ સમજી લેવું. અને 'નિયમસાર' થી 'પ્રવચનસાર' પરિમાર્જિત છે અને તેના કરતાં વધારે પરિમાર્જિત 'સમયસાર' છે, જે તેઓશ્રીએ પોતાની લગભગ ૮૫ વર્ષની અવસ્થામાં લખેલો, વિદ્વાનોએ માન્ય કરેલો ગ્રંથ છે. ઉત્તમ પુરુષોને અંતિમ ટૂંકો સંદેશ તેમાં આપેલો છે. માટે જ્યાં જ્યાં જે જે યોગ્ય છે એ પ્રમાણે સમજવું. એ પ્રમાણે સમ્યક્દૃષ્ટિ છે અને શ્રાવક છે, મુનિ તે મુનિ

છે અને શુદ્ધોપયોગી મુનિ તે શુદ્ધોપયોગી છે અને પરમાત્મા તે પરમાત્મા છે. આમ છતાં બધાય શુદ્ધાત્મા છે અને બધાય વંદન કરવા યોગ્ય છે. **"સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દેજ."**

**શંકાઃ** અનંત ગુણ વિશિષ્ટ નિર્જરા એટલે શું ?

**સમાધાનઃ** આપણે ગુણશ્રેણીની વાત કરતા હતા. હજી જ્યારે આત્મજ્ઞાન નથી થયું ત્યારે, જે સમયે એને અધઃકરણ, અપૂર્વકરણ અને અનિર્વૃત્તિકરણના પરિણામ હોય છે ત્યારે એને નિર્જરા થાય છે, થોડા સમય માટે. થોડો સમય એટલે સેકન્ડનો પણ અત્યંત અત્યંત નાનો ભાગ કે જે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનનો વિષય છે. એ સમયે મિથ્યાત્વ દંડના ત્રણ કટકા થઈ જાય છે અને જે વચ્ચેનો ભાગ રહે છે તેટલા સમય પૂરતો એનો આત્મા ઊઘડી જાય છે અને તેને નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. એના પૂર્વના થોડા સમય કે જે આપણા જ્ઞાનનો વિષય નથી, એ નિર્જરાને અનંત ગુણ વિશિષ્ટ નિર્જરા કહી છે. સમ્યગ્દર્શન પછી જે નિર્જરા થાય છે તે ગુણશ્રેણી નિર્જરા. ચોથા ગુણસ્થાનવાળાને આ નિર્જરા હોય. વ્રત નથી તો અસંખ્યાત ગુણશ્રેણી નિર્જરા પણ નથી.

આપણે જે ભૂમિકામાં છીએ, ત્યાં આપણી પાત્રતા વધારવા આપણે પ્રયત્નશીલ રહેવું જોઈએ અને એ રીતે આપણી સાધનાનું નિર્ધારણ કરવું જોઈએ. આખો દિવસ સ્વાધ્યાય નહીં, આખો દિવસ જ્ઞાનાર્જન નહીં અને માત્ર સ્વાધ્યાય સાંભળવાનું જ પૂરતું નથી. એક બે કલાક સ્વાધ્યાય સાંભળ્યા બાદ એનું ચિંતન-મનન પણ જરુરી છે.

"તિલક કરતાં ત્રેપન ગયાં,
જપમાળાનાં નાકાં ગયાં;
કથા સુણી સુણી ફૂટ્યા કાન,
તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન."

સત્પાત્રતાની ન્યૂનતા હોય તો આવું બને. અતિશય સાંભળવું પણ નહીં. કૃપાળુદેવે કહ્યું છે કે અતિ શ્રવણ કરવાથી મનનશક્તિ મંદ થતી જોવામાં આવે છે. સ્વાધ્યાય-શ્રવણ ઉપરાંત મંત્રલેખન અને સ્તુતિ પણ જરૂરી. ભક્તિ, તિતિક્ષા, વિનય, પૂજા, સેવા વગેરે પણ મહત્ત્વના છે. સત્પાત્રતાની દષ્ટિએ પણ આ બધું મહત્ત્વનું છે. બસ, પ્રભુને પ્રાર્થના કરવાની, મુખથી નહીં પણ હૃદયથી.

અનાદિ કાળથી જીવમાં પોષાતા આવેલા અહમ્‌ભાવની અને મમત્વભાવની નિવૃત્તિ અર્થે જ્ઞાની પુરુષોએ છ પદની દેશના પ્રકાશી છે. જીવ પર જે કાટ લાગી ગયો છે એને ધીમેધીમે ખોતરવાનો છે. સતત આ જ કરતાં રહેવાનું છે. લાગેલા કાટને કાઢવાની સાથેસાથે અયોગ્ય નિમિત્તોથી પણ બચવું જોઈએ. એટલે તો ત્યાગ પણ મહત્ત્વનો છે. ભગવાને આત્માના દસ કટકા જોયા એમાં એક ત્યાગ નામનો કટકો પણ છે. એ પણ આત્માનો સ્વભાવ છે. જો તમે ક્ષમાને મોક્ષનું કારણ માનો છો, વિનયને મોક્ષનું કારણ માનો છો તો ત્યાગને મોક્ષનું કારણ કેમ ન માનો? અને જો ના માનો તો ભગવાનની આજ્ઞાની બહાર છો. ત્યાગ એટલે આત્મા અને આત્મા એટલે ત્યાગ, કોઈ અપેક્ષાએ. વચનામૃતના એક પત્રાંકમાં કહ્યું છે - "ત્યાગ અકર્તવ્યલક્ષે કર્તવ્ય છે." એટલે કે પર દ્રવ્યના ત્યાગમાં કર્તૃત્વભાવ નથી. છતાં ભગવાન ત્યાગ કરે છે, મુનિઓ ત્યાગ કરે છે. મોક્ષમાર્ગ સહજ છે એ કોઈ અપેક્ષાથી. જો સહજ હોય તો બધા જીવોનો મોક્ષ થઈ જાય. મોક્ષમાર્ગ સહજ નથી, મોક્ષમાર્ગ પ્રયત્નસાધ્ય છે. અત્યંત પ્રયત્નસાધ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**ૐ**

**સહજાત્મસ્વરૂપ પરમગુરુ**

**અણુ અણુમાં એક જ નામ,**
**સહજાત્મસ્વરૂપ પરમગુરુ,**
**પળપળ પ્રભુ મને એક જ કામ,**
**સહજાત્મસ્વરૂપ પરમગુરુ,**
**અસાર સંસારમાં એ એક જ સાર,**
**સહજાત્મસ્વરૂપ પરમગુરુ,**
**રટણ કરું હું વારંવાર**
**સહજાત્મસ્વરૂપ પરમગુરુ,**

# શ્રી સ્વરૂપ સંબોધન

ગ્રંથકર્તા - પૂજ્ય ન્યાયાચાર્ય અકલંકદેવ ★ વિવેચક : બા.બ્ર.શ્રી સુરેશજી

**શ્લોક-૧૫**

**ઉત્થાનિકા :** શિષ્ય પુનઃ જિજ્ઞાસા પ્રગટ કરે છે કે હે ભગવન્ ! શું મોક્ષમાર્ગ નિશ્ચય જ છે ? અંતરંગ હેતુ જ પરમ સાધન છે ? એક માત્ર અંતરંગ હેતુથી કાર્યની સિદ્ધિ થઈ જાય છે ? કે પછી બહિરંગ કારણોનું હોવું અનિવાર્ય છે ?

**तदेतन्मूलहेतोः स्यात्कारणं सहकारकम् ।**
**यद्बाह्यं देशकालादि तपश्च बहिरंगकम् ॥१४॥**

**અન્વયાર્થ : एतन्मूलहेतोः** = આ પ્રમાણે અંતરંગ ઉપાદાનરૂપ મૂળ કારણના, **यत्** = જે, **देशकालादि** = દેશ, કાળ આદિ, **बाह्यं** = બાહ્ય, **च** = અને, **तपः** = અનશન વગેરે તપ, **सहकारकम्** = સહકારી, **कारणं** = કારણ છે, **तत्** = તે, **बहिरंगकम्** = બહિરંગ ઉપાય, **स्यात्** = હોય છે.

**ગાથાર્થ :** આ સમ્યગ્દર્શનાદિ મૂળ ઉપાદાન કારણના દેશકાલાદિ તથા અનશનાદિ તપ વગેરે સહકારી કારણ-બહિરંગ ઉપાય કહેવામાં આવ્યા છે.

**વિવેચન :** હવે જેઓ માત્ર નિશ્ચયનો આગ્રહ રાખે છે તેમના માટે આચાર્યદેવ કહે છે કે કોઈ પણ કાર્ય કેવળ ઉપાદાન અથવા અંતરંગ કારણોથી જ થઈ જતું નથી પરંતુ કાર્ય થવામાં બહિરંગ પણ અનેક કારણ સહાયકારી થાય છે. અંતરંગ કારણોને ઉપાદાન તથા બહિરંગ કારણોને નિમિત્ત કહે છે. જેટલી અનિવાર્યતા અંતરંગ કારણોની હોય છે તેટલી જ બહિરંગ કારણોની પણ હોય છે. કાર્ય થવામાં મૂળ ભૂમિકા ઉપાદાનની છે તથા સહાયક ભૂમિકા નિમિત્તની છે. પરંતુ અત્રે સહાયક ભૂમિકારૂપ નિમિત્તને પણ અવિનાભાવી નિમિત્ત જાણવું જોઈએ. વાસ્તવમાં નિમિત્તથી કોઈ કાર્ય થતું નથી પરંતુ નિમિત્ત વગર પણ કાર્ય થઈ શકતું નથી. જેમ કે સૂરજમુખીના પુષ્પનું સૂર્યના પ્રકાશનું નિમિત્ત પ્રાપ્ત કરી સૂર્યાનુગામી થવું. આમાં સૂરજમુખી સ્વયં પોતાની વિશિષ્ટ યોગ્યતાથી સૂર્યાનુગામી થાય છે, સૂર્યના કારણે નહિ. કેમકે સૂર્યના કારણે પુષ્પ આવું કામ કરતા હોય તો ગુલાબ, કેવડા વગેરે પુષ્પોમાં પણ આ કાર્ય થવું જોઈએ. પરંતુ માત્ર સૂરજમુખી સૂર્યાનુગામી થાય છે. તેનું કારણ તેની વિશિષ્ટ ઉપાદાન શક્તિ છે, જે અન્યમાં નથી. આ વિશિષ્ટ ઉપાદાન શક્તિ જ કાર્યનો મૂળ હેતુ છે. સાથે સાથે આ બાબત પણ એટલી જ સત્ય છે કે સૂર્યપ્રકાશ વગર સૂરજમુખી સૂર્યાનુગામી બની શકતું નથી. આને અવિનાભાવી નિમિત્ત કહે છે. અવિનાભાવી નિમિત્તનો અર્થ એ છે કે ઉપરોક્ત ઉદાહરણમાં સૂર્યકિરણો સિવાય ચન્દ્રના કિરણો, કૃત્રિમ કિરણો વગેરે દ્વારા સૂરજમુખી તે નિમિત્તોનું અનુગમન કદાપિ કરશે નહીં, માત્ર સૂર્યનું જ કરશે. બીજું, સામાન્ય નિમિત્ત હોય છે જે તે કાર્યમાં ન હોય તો પણ અન્ય નિમિત્તથી પણ કાર્ય થઈ શકે. જેમકે કોઈ વ્યક્તિને કારની ટક્કર લાગવાથી ભારે ઈજા થઈ. અત્રે ઈજા થવામાં કાર નિમિત્ત બની પરંતુ માત્ર કારની ટક્કરથી જ ઈજા થતી નથી, તે સમયે જો મોટરસાઈકલ વગેરે વાહન હોય તો પણ ઈજા થઈ શકતી હતી. આને સામાન્ય કારણ કહે છે. એક કાર્ય થવામાં અનેક અવિનાભાવી તથા સામાન્ય કારણો હોઈ શકે છે.

અત્રે આચાર્યદેવ જણાવે છે કે મોક્ષરૂપ કાર્ય થવામાં અંતરંગ કારણ તો નિશ્ચયરત્નત્રય છે તથા બહિરંગ કારણ યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વગેરે છે. તેમાં નિર્ગ્રંથ લિંગ, ઉત્તમ સંહનન, કર્મભૂમિ વગેરે અનિવાર્ય નિમિત્ત કારણો છે. તેમાંથી એક પણ નિમિત્ત વગર મોક્ષની પ્રાપ્તિ થતી નથી. મોક્ષમાર્ગમાં દેવ-શાસ્ત્ર-ગુરુ વગેરે યોગ્ય પરદ્રવ્યો, ચોથો કાળ, ઉત્તમ સંહનન, ઉત્તમ લિંગ વગેરેનું પણ વિશિષ્ટ સ્થાન છે. જોકે જીવ સમ્યક્ત્વાદિ ભાવ સ્વયં પોતાની ઉપાદાન શક્તિથી કરે છે પરંતુ યોગ્ય બહિરંગ નિમિત્તના અભાવમાં તે એવા ભાવ કરવામાં અસમર્થ છે. જેમકે

ક્ષાયિક સમ્યક્ત્વના ભાવ કરવા માટે કેવળી અથવા શ્રુતકેવળીના પાદમૂલની આવશ્યકતા છે. (નરકથી આવેલા તીર્થંકર પ્રકૃતિબંધવાળાને બાદ કરતાં) તેના વગર જીવ ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી. તે પ્રમાણે અનશનાદિ તપ પણ કર્મનિર્જરાના બહિરંગ નિમિત્ત કારણ છે. માટે બાહ્ય તપશ્ચર્યાનો એકાંતે નિષેધ ન કરવો જોઈએ. અભિપ્રાય એ છે કે ઉપાદાન ઉપાયોને સ્વાધીન સમજીને તેના પ્રાગટ્યનો પુરુષાર્થ નિરંતર કરતા રહેવો તથા તેના પ્રાગટ્ય માટે ઉપચાર કારણરૂપ યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ, નિર્ગ્રંથલિંગ વગેરેની ભાવના કરવી તથા વ્યવહાર કારણરૂપ મહાવ્રત, મૂળ ગુણો અને ઉત્તર ગુણોને ગ્રહણ કરવાં જોઈએ. આ પ્રમાણે બાહ્ય તથા અંતરંગ ઉપાયોરૂપ સંપૂર્ણ મોક્ષમાર્ગ બને છે. જે જેમ છે તેમ ગ્રહણ કરવું તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. સમ્યગ્જ્ઞાન જ મોક્ષમહેલની પ્રથમ સીડી છે.

## શ્લોક-૧૬

**ઉત્થાનિકા :** શિષ્ય પુનઃ જિજ્ઞાસા વ્યક્ત કરે છે કે હે ભગવન્ ! આ પ્રમાણે કર્મના વિનાશના કારણરૂપ બાહ્ય અને અંતરંગ ઉપાયોને અપનાવ્યા બાદ નિજ આત્મભાવનાને કેવી રીતે ભાવવી જોઈએ ?

**इतीदं सर्वमालोच्य, सौस्थ्येदौःस्थ्ये च शक्तितः।**
**आत्मानं भावयेन्नित्यं, रागद्वेष विवर्जितम् ॥१६॥**

**અન્વયાર્થ : इति इदं** = આ પ્રમાણે આ, **सर्व** = સર્વ, **आलोच्य** = આલોચનાપૂર્વક, ગુણ-દોષ વિચારીને, **सौस्थ्ये** = અનુકૂળ પરિસ્થિતિમાં, **च** = અને, **दौःस्थ्ये** = પ્રતિકૂળ પરિસ્થિતિમાં, **शक्तितः** = યથાશક્તિ, **नित्यं** = સદા, **रागद्वेष विवर्जितम्** = રાગદ્વેષ રહિત, શુદ્ધ, **आत्मानं** = આત્માની, **भावयेत्** = ભાવના કરો.

**ગાથાર્થ :** આ પ્રમાણે પૂર્વોક્ત રીતે શુદ્ધાત્મોપલબ્ધિના અંતરંગ તથા બહિરંગ ઉપાયોનો સંપૂર્ણ રીતે વિચાર કરી, સુખ અને દુઃખ એમ બન્ને પરિસ્થિતિમાં પોતાની સંપૂર્ણ શક્તિ લગાવીને સદૈવ રાગ-દ્વેષ રહિત થઈને રાગદ્વેષ રહિત શુદ્ધ આત્માની ભાવના ભાવો.

**વિવેચન :** શિષ્ય કહે છે કે હે સ્વામી ! સમ્યગ્દર્શનાદિ અંતરંગ, બહિરંગ ઉપાયોને જાણ્યા બાદ હવે હું આત્માની ભાવના કેવી રીતે કરું ? તેના સમાધાનમાં આચાર્યદેવ કહે છે કે હે શિષ્ય ! જ્યારે તને શુદ્ધાત્માની પ્રાપ્તિના ઉપાયોનું સારી રીતે જ્ઞાન તથા શ્રદ્ધાન થઈ ગયા છે તો હવે તેનો સાક્ષાત્ અનુભવ કરવા માટે શુદ્ધાત્માની નિત્ય ભાવના કર અર્થાત્ પોતાની પૂરી શક્તિ લગાવીને તેનું નિરંતર ચિંતન, મનન, નિદિધ્યાસન કર. તે કેવી રીતે ? તો સર્વ આરંભ-પરિગ્રહથી તથા સર્વ જગતના પ્રપંચોથી પોતાના મનને મુક્ત કરીને '**नित्यं सौस्थ्ये दौःस्थ्ये**' સદૈવ, ચાહે સુખ હો અર્થાત્ અનુકૂળ પરિસ્થિતિ હોય, ચાહે દુઃખ હો અર્થાત્ પ્રતિકૂળ પરિસ્થિતિ હોય. કેવી રીતે ? પરદ્રવ્યોમાં રાગ-દ્વેષ બુદ્ધિથી રહિત થઈને કેવા આત્માની ભાવના કરવી ? તો '**स्वभावतः**' સ્વભાવથી રાગદ્વેષરહિત શુદ્ધ જ્ઞાનસ્વભાવી શુદ્ધાત્માની હે શિષ્ય ! તું નિરંતર ભાવના કર, તો તને અવશ્ય અલ્પકાળમાં તેની સાક્ષાત્ ઉપલબ્ધિ થઈ જશે.

પરમકૃપાળુ આચાર્યદેવે નાનકડી કારિકામાં આત્મતત્ત્વ પ્રાપ્તિના ગૂઢ રહસ્યોને પ્રગટ કરીને શિષ્યસમુદાય પર પરમકૃપા પ્રગટ કરી છે. આ એક ગાથાનો મર્મ સાધક હૃદયમાં સંપૂર્ણ સંસ્થાપિત કરી લે તો સર્વ દુઃખોથી મુક્તિ સંભવ છે.

(ક્રમશઃ)

■■■

- ★ **હંસની દૃષ્ટિ રાખવાથી જીવન ગુણોનો ખજાનો બનશે, કાકની દૃષ્ટિ રાખવાથી જીવન દોષોનો ખજાનો બનશે.**
- ★ **મેરે હિસ્સે સે જ્યાદા તૂને મેરી થાલી મેં પરોસા હૈં, કિતની ભી મુશ્કિલેં હો લેકિન મુજે તુજ પે ભરોસા હૈં.**
- ★ **બહારની ગંદકી પાણીથી દૂર થશે, ભીતરની ગંદકી પ્રાયશ્ચિત્તથી દૂર થશે.**
- ★ **કીર્તિની કમાણી કરવી હોય તો ટીકાઓનો ટેક્ષ ચૂકવવો પડે છે.**

# મૃત્યુથી અમૃત સુધી - ૩

## મૃત્યુમાંથી અમૃત પામવાના જ્ઞાનીપુરુષનાં પ્રયોગો !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

અંતર્મુખતા એ એક અનેરી ચીજ છે !

જીવનની આ જડીબુટ્ટી જેને હાથ લાગી જાય છે, એની જગત પ્રત્યેની દૃષ્ટિમાં સમૂળગું પરિવર્તન આવી જાય. જળ હોય ત્યાં સ્થળ અને સ્થળ હોય ત્યાં જળ જેવું બની જાય! વાલિયા લૂંટારામાંથી ઋષિ વાલ્મિકી જેવું પરિવર્તન થઈ જાય! જગત અને ભૌતિકતા તરફનો અભિગમ સાવ ઉલટો થઈ જાય. માણસ એનો એ જ રહે છે, આસપાસની પરિસ્થિતિ એ જ રહે. સંસાર પણ એમ જ ગતિ કરતો હોય. બહાર જીવનની રફતાર એ જ ચાલે ચાલતી હોય, પણ અંતર્મુખતાને કારણે એનું સમગ્ર વ્યક્તિત્વ અને અસ્તિત્વ પલટાઈ જાય છે. પહેલાં જ્યાં અને જેમાં પુષ્કળ રાગ હતો, ત્યાં વિરાગ આવી જાય છે. પહેલાં જે ભૌતિક બાબતોનું અદમ્ય આકર્ષણ હતું, એ ભૌતિક બાબતો કે ચીજવસ્તુઓ એને નાચીજ કે તુચ્છ લાગવા માંડે છે. અગાઉ સંસાર પ્રત્યે જે દૃષ્ટિ હતી, એ દૃષ્ટિ અંતર્મુખતા આવતાં બદલાઈ જાય છે. સંબંધોથી જાગેલી અપેક્ષાઓ, પરિચિતો પાસેની માંગણીઓ, જેના પર ઉપકાર કર્યા હોય એના પ્રત્યેની અપેક્ષાઓ, ધીરે ધીરે સઘળું ઓગળી જાય છે. અંતર્મુખતાને પરિણામે એનું બાહ્ય લક્ષ્ય, જીવનના હેતુઓ, પ્રાપ્તિની ઈચ્છાઓ અને ધ્યેય - બધું પલટાઈ જાય છે.

એક અર્થમાં કહીએ તો માણસ એનો એ રહે છે, પણ એના ભીતરનું ખોળિયું બદલાઇ જાય છે. એના બહારના જગતને ઉપર-તળે કરી નાખે છે. પહેલાં એ બહારની દુનિયાને ક્ષણેક્ષણ પોતાની સન્મુખ રાખતો હતો, હવે એનામાં આત્મસન્મુખતા જાગે છે. એ બહારની ઘટનાઓને વધુને વધુ સમેટતો જાય છે અને એ બધાની પાછળનું કારણ ઉઘડેલી આંતરિક દૃષ્ટિ હોય છે. પરંતુ આ અંતર્યાત્રાએ જતાં પહેલાં એણે કેટલીક સજ્જતા કેળવવી પડે છે.

પહેલી વાત એ કે એણે બહારનો કોલાહલ બંધ કરીને ભીતરનો અવાજ સાંભળવાની તત્પરતા દાખવવી પડશે. એનું મન બહારની ઘટનાઓથી અને પોતાના જીવનની ચોપાસની પરિસ્થિતિથી ઘેરાયેલું હોય છે. હવે એ મન બદલાઈ જાય છે. એનામાં અંતર્મુખતાનો સંચાર થાય છે અને એની પહેલી જરૂર એ છે કે એણે એના મનને અંતર્મુખ કરવું પડશે. બહારની દુનિયા અને ભીતરની દુનિયા વચ્ચેનો ઉંબરો માનવીનું ચંચળ, તોફાની અને સતત વિચારો - તરંગોનું ઉત્પાદન કરતું મન છે. જે મન બહારની દુનિયા જુએ છે, એ જ ભીતરની દુનિયા જોતું હોય છે. માત્ર મનના વિચારોની દિશામાં પરિવર્તન લાવવું પડે છે. મનની ચંચળતા એને બહારની દુનિયામાં સતત લટાર લગાવવા માટે ઉશ્કેરતી હોય છે, ત્યારે એણે મનની સ્થિરતા સાધીને પોતાના આંતરજગતમાં ડોકિયું કરવાનું છે. આથી આંતરદર્શન માટે સૌથી પહેલી બાબત બાહ્યપ્રવૃત્તિઓ અને ધાંધલ - ધમાલનો ત્યાગ છે. જો મન બહારની ધાંધલ-ધમાલમાં રહે, તો એના પર એના આઘાત-પ્રત્યાઘાત અચૂક પડવાના જ. એ આઘાત-પ્રત્યાઘાતને કારણે એનું મન ક્લેશ અનુભવશે, ઉદ્વેગ પામશે એને પ્રતિભાવ આપવાની કે પ્રત્યાઘાત કરવાની ઈચ્છા રહેશે. અંતર્મુખતામાં મનને બાહ્ય વિચારો કે બાહ્ય સંકલ્પોથી રહિત કરવાનું હોય છે. મનમાંથી બાહ્ય સંકલ્પો, ભૌતિક ઈચ્છાઓ, સિદ્ધિના લક્ષ્યાંક - એ બધા જેમ જેમ ઓછાં થતાં જાય, તેમ તે મનમાં

એક પ્રકારની શાંતિ પથરાતી જાય છે. પહેલાં આઘાત અને પ્રત્યાઘાતમાં જીવનારો માનવી હવે એવા તત્કાળ આઘાત કે પ્રત્યાઘાત માટે તત્પર થતો નથી. શાંત ચિત્તે પરિસ્થિતિનો વિચાર કરે છે અને પછી મનમાંથી ઉદ્વેગ કાઢીને એ આઘાત - પ્રત્યાઘાતોને પોતાના મનમાં શમાવે છે. આ અંતર્મુખતાની તાલીમને પરિણામે ધીરે ધીરે એનામાં બાહ્ય જીવન જોવાની, પારખવાની એક નૂતન દૃષ્ટિનો ઉઘાડ થશે. એની આસપાસની પરિસ્થિતિ, પરિચિતો અને પ્રવાહો એના એ જ હશે, પરંતુ એનું નિરીક્ષણ બદલાઈ ગયું હશે. અંતર્મુખતાની સાધના પૂર્વે કોઈ વ્યક્તિ પ્રત્યે મનમાં પ્રચંડ ક્રોધ સળગી ઊઠતો હતો, એ જ ઘટના વ્યક્તિ અંતર્મુખ બનતા એનામાં ક્ષમાભાવ જગાડશે. અગાઉ કોઈ અણધારી પરિસ્થિતિ એકાએક આવી પડે ત્યારે એ અકળાઈ જતો હતો. હવે આવી આપત્તિ આવતાં એ અકળાતો, ધૂંધવાતો કે બેબાકળો બનતો નથી.

કોના જીવનમાં આપત્તિ, સંઘર્ષ કે મુશ્કેલી આવતા નથી? સહુ કોઈના જીવનમાં એ આવે છે. રામ, મહાવીર કે બુદ્ધના જીવનમાં કે અબ્રાહમ લિંકન, મહાત્મા ગાંધી કે નેલ્સન મંડેલાના જીવનમાં પણ પારાવાર આપત્તિઓ આવી હતી, પરંતુ એ આપત્તિઓનો તેમણે જે રીતે સ્વીકાર કર્યો અને એનો જે પ્રતિભાવ આપ્યો, એમાં જ એમના વ્યક્તિત્વની મહાનતા કે વિભૂતિમત્તા પ્રગટ થાય છે. ભગવાન રામ પર આવેલી આપત્તિનો વિચાર કરીએ. ગઈકાલ સુધી અયોધ્યાના રાજસિંહાસન પર તેઓ બિરાજશે એવું અયોધ્યાવાસીઓ માનતા હતા અને પછીના દિવસે સવારે એમને ૧૪ વર્ષનો વનવાસ મળ્યો. આવી આસમાની-સુલતાની સમયે શ્રી રામનું આચરણ જુઓ ! એમાં ક્યાંય ક્રોધ કે ગુસ્સો તો ઠીક, પરંતુ થોડી અકળામણ પણ જોવા મળતી નથી. પિતા દશરથ કે માતા કૈકેયી માટેના એમના આદરમાં એક અંશ પણ ઓછો થતો નથી. ભગવાન મહાવીરના જીવનમાં સંગમદેવ, ગોવાળ, કઠપૂતના, શૂલપાણિ યક્ષ વગેરેએ અનેક ઉપસર્ગો વરસાવ્યા. પરંતુ એ ઉપસર્ગોના સમયે એમના ચિત્તની શાંતિનો સહુને અનુભવ થયો.

બહિર્મુખી અને અંતર્મુખી વ્યક્તિનો ભેદ એ છે કે બહારની દુનિયામાં જીવનાર માણસ એમાંથી થતાં લાભ-નુક્સાનનો સતત વિચાર કરે છે. અઢળક સંપત્તિ ધરાવતી એની કંપની કે ઈન્ડસ્ટ્રીઝ દેવામાં ડૂબી જાય, તો એનું જીવન તબાહ થઈ જાય છે. જેના પર અપાર ઉપકાર કર્યા હોય, તે અપકાર કરે ત્યારે એના મનમાં ક્રોધ આવે છે. એકાએક રોગ આવી જાય, તો એ સીધો ઈશ્વરને 'ધરપકડ વોરન્ટ' મોકલે છે કે બીજા કોઈને આવો રોગ નહીં અને મને શા માટે ?

બાહ્ય દૃષ્ટિએ જોનારના જીવનમાં પ્રતિક્ષણ સુખ-દુઃખની સંતાકૂકડી ખેલાતી હોય છે. ક્યારેક તો માણસ પોતે જ પોતાના સુખ અને દુઃખની, આનંદ કે વિષાદની કઠપૂતળી હોય એમ આ ભાવોના એક છેડેથી બીજા છેડે ચાલ્યો જાય છે. આવે વખતે સાધક શો વિચાર કરે ?

સાધક એ ઉપાધિને સમાધિ માનવા લાગે છે. બહિર્મુખ માનવી લાભથી અતિ આનંદિત થશે અને નુક્સાનથી પારાવાર દુઃખી થશે. જ્યારે આત્મદૃષ્ટિવાળો સાધક આવી આપત્તિઓને લાભરૂપ જ માને છે, એ ક્યારેય દુઃખરૂપ ગણે નહીં. આનો અર્થ એ કે આધ્યાત્મિક જીવન જીવનાર વ્યક્તિના જીવનમાં દુઃખ આવે કે સુખ, રોગ આવે કે શોક, મોટી ખોટ આવે કે જંગી કમાણી થાય, પણ એને તો એ બધી જ વાતોમાં આત્મિક લાભ નજરે પડતો હોય છે. આથી અંતરદૃષ્ટિ ધરાવનાર સાધક માને છે કે આ આપત્તિઓ એ મારા જીવનમાં પાપનો ઉદય નથી, પણ પુણ્યનો ઉદય છે. કોઈ ઉપસર્ગ કે મુશ્કેલી આવે છે ત્યારે એ માને છે કે આ તો મારા સાધકત્વની આ આત્મપરીક્ષા છે એટલે આ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે આવતી પ્રત્યેક મુશ્કેલીને આનંદપૂર્વક સ્વીકારી લે છે.

આજથી ત્રીસેક વર્ષ પૂર્વેની વાત છે કે જ્યારે મારા એક સ્વજન અને ઉચ્ચ આધ્યાત્મિક સાધકે એવું નક્કી કર્યું કે વીસ લાખ રૂપિયા બેંકમાં મૂકી દીધા છે. હવે એના વ્યાજમાંથી એમનું સાદાઈ અને કરકસરભર્યું જીવન નિરાંતે ચાલશે. બન્યું એવું કે એક પરિચિતને નાણાંભીડ ઊભી થતાં એમની પાસેથી ટુકડે ટુકડે પંદર-સત્તર લાખ રૂપિયા જેટલી રકમ લઈ ગયા. આની જાણ થઈ ત્યારે મેં વિચાર્યું કે એમને કેટલો બધો આઘાત લાગ્યો હશે ? કેવા વિષાદગ્રસ્ત બની ગયા હશે ? નાના-મોટા આજીવિકાનાં કામો પણ બંધ કરીને સાધનામાં બેસી ગયા હતા, હવે એ કરશે શું ?

એમણે એ કર્યું કે પહેલાં મોટરમાં બેસીને ફરતા હતા, એ મોટરને રજા આપીને નિરાંતે સ્કૂટર પર ફરવા લાગ્યા, જરૂરિયાતો ઘટાડી અને જીવનને બરાબર ગોઠવી દીધું. આ કપરી પરિસ્થિતિ સમયે પણ એ સદા એમ જ કહેતા, 'હું ખૂબ આનંદમાં છું.' આનું કારણ છે અંતર્મુખતાનો જાદુ. જે અંતર્મુખતા આવનારી આફતને આસાનીથી ઓળંગી જાય છે. એના જીવનમાં અશુભ લાગતી પરિસ્થિતિ શુભ જણાય છે અને પ્રત્યેક પરિસ્થિતિ દ્વારા એ એની અંતર્મુખતા અને જીવનની સમજને વધુને વધુ ઘડતો જાય છે.

અંતર્મુખતાનો માત્ર વિચાર કરવો એ પૂરતો નથી, કારણ કે વિચાર આવે અને વિચાર ચાલ્યો જાય. મનની ચંચળતાનો આપણને સહુને અનુભવ છે. આ વિચારોથી કાંઈ વળતું નથી. ક્યારેક અંતર્મુખ થવાનો વિચાર આવે અને ક્યારેક બહિર્મુખતા લલચાવે. ધર્મકથાઓના શ્રવણથી પણ અંતર્મુખતા સધાતી નથી. માત્ર એ કથાઓના મર્મ આપણા મનમાં અંતર્મુખતાના થોડાં બીજ રોપે છે. ગ્રંથોના વાચન કે વિચારથી પણ આ કાર્ય સિદ્ધ થતું નથી, પરંતુ મનમાં એવી દૃઢ પ્રતીતિ હોય કે મારે જીવનમાં અંતર્મુખતાની સાધના કરવી છે, ત્યારે જ વ્યક્તિ એ કરી શકે છે. એને માટે આપણા પ્રાચીન સંતોની માફક સમગ્ર જીવન હોડમાં મૂકીને એનું સમર્પણ કરવું પડે. એનો અર્થ જ એ થયો કે અંતર્મુખતા એ વિચાર નથી. શ્રવણ કે વાચનથી પ્રાપ્ત થતી બાબત નથી. એને માટે તો સાધકે પોતાના સમગ્ર વ્યક્તિત્વને એના રંગે રંગી દેવું પડે.

કવિ નરસિંહ મહેતાએ કહ્યું છે તેમ, 'જાગીને જોઉં તો જગત દીસે નહીં.' એનો અર્થ જ એ કે ભીતરનું જાગરણ થતાં તમારા જીવનમાં પરિવર્તન આવશે અને આંતરિક ક્રાંતિનો અનુભવ થશે.

## ફટાકડાં ફોડવાથી થતાં નુકસાન

બાળમિત્રો,

દિવાળીનું પર્વ નજીક આવી રહ્યું છે. આ પર્વ દરમ્યાન ફટાકડા ફોડીને આનંદ મેળવવાનો તમોને શોખ હશે. પરંતુ ક્ષણિક મનના આનંદ માટે આપણે કેટલું નુકસાન કરીએ છીએ તેનો તમોને નીચેના મુદ્દાઓ વાંચવાથી ખ્યાલ આવશે.

(૧) ફટાકડાં ફોડવાથી ઝેરી ધુમાડો હવામાં ફેલાતાં વાતાવરણ પ્રદૂષિત બને છે.

(૨) ઝેરી ધુમાડો શ્વાસમાં જવાથી અસ્થમા, હાર્ટ-એટેક જેવી અનેક બીમારીઓ થાય છે.

(૩) ફટાકડાંના જોરદાર અવાજથી કાનમાં બહેરાશ આવે છે.

(૪) ફટાકડાંના ભયંકર અવાજમાં પશુ-પક્ષીઓ ડરીને ફફડી ઊઠે છે.

(૫) ફટાકડાં ફૂટવાથી જમીન પર રહેલાં કીડી, મંકોડા જેવા જીવો, માટીમાં તથા હવામાં રહેલા જીવો મરી જાય છે.

(૬) દયાના સંસ્કાર નાશ પામે છે અને અનેક પાપ બંધાય છે.

(૭) શરીર દાઝી જાય છે અને ક્યારેક મરણ પણ થાય છે.

(૮) પૈસાનો ખોટો બગાડ થાય છે.

श्री पूज्यपाद आचार्य विरचित

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૧૦૧)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પારસમણિ રત્નથી પૂજિત, ચિંતામણિરત્નથી ચેતનાભરિત અને અમૃતમણિરત્નથી રસાન્વિત પરમકૃપાળુદેવની સમ્યક્‌ગિરા પત્રાંક-૫૯૩ માં કહે છે, "સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે. બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે; જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે, તેણે તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ્યું છે, તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમશ્રેય છે; અને તે દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કાંઇ વિષમતા આવતી નથી, તે જ્ઞાનીને ધન્ય છે. તેટલી સર્વાંશદશા જ્યાં સુધી પ્રગટી ન હોય ત્યાં સુધી આત્માને કોઇ ગુરુપણે આરાધે ત્યાં પ્રથમ તે ગુરુપણું છોડી તે શિષ્ય વિષે પોતાનું દાસાનુદાસપણું કરવું ઘટે છે." અધ્યાત્મપથ નમ્ર, સરળ અને અહંલય વ્યક્તિઓ ઉત્તમ રીતે આરાધી શકે છે. પરમકૃપાળુદેવ ભક્તિભાવથી ભરિત વચનો આપે છે, "અહંભાવથી રહિત થઇ, વર્તે સદ્‌ગુરુ લક્ષ" સદ્‌ગુરુએ જે લક્ષ રાખ્યો છે, લાધ્યો છે, માન્યો છે તે લક્ષે આત્મા અનુભવાય છે."

આત્મશુદ્ધિના આહ્‌લેક સાથે વિચરતાં મુનીશ્વર શ્રી પૂજ્યપાદ સ્વામી 'સમાધિતંત્ર' ગ્રંથમાં અધ્યાત્મની અપૂર્વ લીલાને સમજાવી છે. અપૂર્વ ગ્રંથનું આચમન કરતાં શ્લોક સીત્તેરમાં સમજાવ્યું કે આત્માને હું ગોરો છું, હું સ્થૂલ છું, હું કૃશ છું એવા વિશેષણ વડે વિશેષ નહિ માનતા કેવળ જ્ઞાન સ્વરૂપ માનવો-ધારવો. કેવળ રૂપાદિ રહિત-જ્ઞપ્તિ જ-ઉપયોગ જેનું સ્વરૂપ છે એવા આત્માને માનતા આત્મારૂપ થવાય છે.

હવે એકોતેર (૭૧) શ્લોકમાં સમજાવે છે કે

**"मुक्तिरेकान्तिकी तस्य चित्ते यस्याचला धृतिः।**
**तस्य नैकान्तिकी मुक्तिर्यस्य नास्त्यचला धृतिः ॥ ॥७१॥"**

**અન્વય:** यस्य चित्ते अचला धृतिः तस्य एकान्तिकी मुक्तिः यस्य, एकान्तिकी मुक्तिः न ॥

**શબ્દાર્થ - यस्य चित्ते** - જેના ચિત્તમાં, **अचला** - આત્મસ્વરૂપની, **निश्चल धृतिः** - ધારણા છે, **तस्य** - તેની, **एकान्तिकी मुक्तिः** - એકાન્તે એટલે નિયમથી મુક્તિ થાય છે, **यस्य** - તેની, **एकान्तिकी मुक्तिः न** - અવશ્ય મુક્તિ થતી નથી.

**ભાષાન્તર :-** જેના ચિત્તમાં આત્મસ્વરૂપની નિશ્ચલ ધારણા છે તેની એકાન્તે એટલે નિયમથી અવશ્ય મુક્તિ થાય છે પરંતુ જેના ચિત્તમાં અચલ ધૃતિ-ધારણા હોતી નથી તેની અવશ્ય મુક્તિ થતી નથી.

**ભાવાર્થ :-** અહીં આચાર્યદેવે મુક્તિને યોગ્ય કોણ છે તેને સૂક્ષ્મ દૃષ્ટિથી લાઘવ શૈલીથી સમજાવ્યું છે. જે જીવો ખરેખર સંસારથી મુક્ત થવા ઇચ્છે છે, ભવભ્રમણના થાકથી છૂટવા માંગે છે, રુચિ, રસ અને વૃત્તિ સ્વ આત્મા તરફ વળ્યા છે તેને આચાર્યદેવ કહે છે કે હે જીવ ! તારા ઉપયોગને બીજે ન જવા દેતાં આત્મસ્વરૂપમાં લગાવ. આત્મામાં ઉપયોગને સ્થિર કરતાં આત્મદર્શન થશે. અંતરાત્માની અવશ્ય મુક્તિ છે એમ કહીને જે આત્મ ઉપયોગ સ્થિર કરશે તેની નિશ્ચયે મુક્તિ છે, અન્યની નથી.

પહેલા તો શરીરાદિથી ભિન્ન ચૈતન્યમય આત્માનું જ્ઞાન કર્યું હોય, આત્માનો દૃઢ નિર્ણય કર્યો હોય તેને આત્મામાં એકાગ્રતા થઇ શકે છે. તે આત્મા મુક્તિ પામે છે. અહીં તો એકાન્તિકી મુક્તિ કરીને મોક્ષનો નિયમ સમજાવ્યો છે કે ચૈતન્યસ્વરૂપની અચલ ધારણા જેના ચિત્તમાં છે તે જીવ એકાન્ત મુક્તિ પામે છે. રાગ, દ્વેષ, અજ્ઞાન અને મોહથી પાર ચૈતન્ય તત્ત્વને અચલપણે ચિત્તમાં ધાર્યું નથી તેની મુક્તિ

થતી નથી. કદાચ કોઇ માની લે કે વ્યવહારમાર્ગથી પણ મુક્તિ થાય છે. તેને આચાર્યદેવ યથાર્થ નિયમની સમજણ આપે છે, કહે છે કે ભેદવિજ્ઞાનથી આત્માને સમસ્ત કર્મોથી ભિન્ન જાણીને, માનીને, જે આત્મામાં એકાગ્ર થાય છે તેને આત્મા અનુભવાય છે.

મુક્તિનું કેન્દ્ર ચૈતન્યતત્ત્વ છે. તેમાં જીવ એકાગ્રતા સાધે તે મુક્તિ પામે પણ રાગને ધર્મનું સાધન માની રાગાદિમાં એકાગ્ર થાય તે મુક્તિસુંદરીને વરતો નથી. અહીં આચાર્યદેવ કહે છે કે સંપૂર્ણમુક્તિ તો સમ્યગ્દર્શન પછી શ્રેણીમાં આરોહણ પામી આગળ આત્મગતિ કરે તે મોક્ષ - પામે છે. કર્મથી મુક્ત થઇ ચૈતન્યમય બને છે.

જીવ મુમુક્ષુદશામાં રહી, રાગદ્વેષની ગ્રંથિનો છેદ કરી આત્મદર્શન-સમ્યગ્દર્શન પામે છે. દર્શનમોહ વ્યતીત થઇ આત્મબોધ, કેવળ-ચૈતન્યનું જ્ઞાન થાય છે ત્યાર પછી દેશવિરતિને આરાધે છે. વૈરાગ્યભાવનું વિશેષ વિશેષ બળ પ્રાપ્ત થતાં સંસારથી - સર્વસંગથી મુક્તિની ભાવના ભાવે છે. અચલ ચિત્તથી મુનિભાવના ભાવી મુનિપણું ધારણ કરે છે.

અચલ ધારણાયુક્ત પ્રમત્તદશા-અપ્રમત્ત દશામાં ઝૂલે છે. અચલ ધૃતિથી આ દશા પ્રાપ્ત થાય છે. ચારિત્રમોહનો પરાજય કરીને બીજું અપૂર્વકરણ થતાં ક્ષપકશ્રેણીએ આરૂઢ થાય છે. અનન્ય ચિંતન અને ઉપયોગની સ્થિરતા થતાં થતાં મોહ ક્ષય થાય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે સર્વભાવ જ્ઞાતાદૃષ્ટા રહે છે. વેદનીય આદિ ચાર કર્મ છે પણ બળી સીંદરીવત્ છે. આયુષ્યકર્મ હોવાથી દેહાદિ છે, પુદ્ગલ સંબંધ છે પણ આયુષ્ય પૂર્ણ થતાં અયોગી અવસ્થા પ્રગટે છે. શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિની અનન્યતા, અગુરુ અલઘુ, અમૂર્ત, સહજપદ શોભે છે. ઊર્ધ્વગમન સિદ્ધત્વદશા પરિપૂર્ણ ઉપયોગની સ્થિરતા થતાં-

"સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો."

અચલ ધૃતિનું આ નિર્માણ છે.

શુદ્ધ ઉપયોગની સ્થિરતા સિવાય અન્ય કોઇ ઉપાય મળતો નથી. શુદ્ધ માર્ગનું આરાધન જ્ઞાની પુરુષો પ્રત્યે દૃઢ શ્રદ્ધાથી થાય છે. ક્ષણે ક્ષણે પલટાતા ઉપયોગને સ્થિર કરવો મુશ્કેલ છે પણ જ્ઞાનીપુરુષના બોધનું અવલંબન, સદ્ગુરુની કૃપાની પ્રાપ્તિ માર્ગને સહજ સરળ બનાવે છે.

જેને સંસાર દુઃખમય લાગે, ભવભ્રમણનો થાક લાગે, કુટુંબ આદિ કારાગૃહ જેવા લાગે, માન-કીર્તિ શરીરના મેલ જેવા લાગે, અજ્ઞાનરૂપી અંધકારથી મુક્ત થઇ આત્મપ્રકાશને માણવા ઇચ્છતો હોય, જન્મ-જરા-મરણાદિથી ભયભીત થતો હોય તે સાધક અચલ ધૃતિથી મુક્તિનો ધારક બની શકે છે.

બાહ્ય સુખ, સંપન્નતા, બાહ્ય વૈભવ અપાર હોવા છતાં સંસારભાવ જેને પોષાતો નથી એવા જીવો-ચક્રવર્તીઓ કે જેને છખંડ આંગણામાં હતુ, અનેક સ્ત્રીઓનો સુયોગ, માન-કીર્તિની બેસુમારતા, આજ્ઞાકારી હજારો સેવકો હાજર થઇ જતા હતા, વૈભવનો કોઇ પાર નહિ, એવા શાલિભદ્ર-અનેક રાજાધિરાજ રાજવીઓ બધું ત્યજીને મુનિપંથે વિચરવાની ભાવના ભાવી જંગલમાં આત્મસાધનામાં મગ્ન બન્યા. અનાથી મુનિ આદિ સનાથ થવા વન-ઉપવનમાં વિચરવા લાગ્યા. આ ઉત્તમ ધારણાનું પરિણામ છે આવી ઉત્તમ ધૃતિ ધારણ કરી શક્યા નહિ તે મુક્તિને પામી શકતા નથી.

**વિશેષાર્થ :- अचलधृतिः एकान्तिकी मुक्तिः** - ચિત્તમાં અચલ ધૃતિ છે તેની એકાન્ત મુક્તિ છે.

ધારણા એ મતિજ્ઞાનનો સંશયરહિત ચોથો ભેદ છે ઇન્દ્રિય દ્વારા ગ્રહણ કરવાનો-સમજવાનો વિષય અવ્યક્તપણે લક્ષમાં આવે છે. પછી તે શું છે એવી જિજ્ઞાસા જન્મે છે, પછી પદાર્થના લક્ષણથી જીવ નિર્ણય કરે છે. જે વસ્તુ મેં જોઇ તે આ જ છે. લક્ષણથી વસ્તુ લક્ષિત થઇ હોવાથી ત્યાં સંશય રહેતો નથી. આત્મસ્વરૂપને દૃઢપણે જાણ્યું છે તે જીવને આત્મસ્વરૂપની ધારણા ટકી રહે છે. સંશય રહેતો નથી. આત્મભ્રાન્તિ થતી નથી માટે તેની મુક્તિ અવશ્ય થાય છે. શ્રી પતંજલિમાં અષ્ટાંગયોગ છે-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ. (૧) **યમ :** સાધક વ્રતમાં પ્રવેશે છે (૨) નિયમ દ્વારા દૃઢતા પ્રાપ્ત થાય છે. (૩) આસનથી કાયાની સ્થિરતા કેળવે છે. (૪)

પ્રાણાયામથી શ્વાસના અવલંબનથી મનની સ્થિરતા સાધે છે. (૪) પ્રત્યાહારથી સર્વ ઇન્દ્રિયોને વિષયથી પાછી વાળે છે. (૬) આવી ભૂમિકા પ્રાપ્ત થયા પછી સ્વરૂપની ધારણમાં દઢ થાય છે. (૭) ધ્યાનથી આત્મ સ્વરૂપમાં લીન થાય છે. (૮) સ્વરૂપલીનતાની નિરંતરતા સમાધિમાં અનુભવાય છે.

(૨) **यस्य नास्ति अचला धृति :** અચલ ધૃતિ નથી તેની મુક્તિ થતી નથી. જે જીવ વિષયોથી ઘેરાયેલો છે. માત્ર બહારના સુખમાં રાચી રહ્યો છે તેને મુક્તિ પ્રાપ્ત થતી નથી. મિથ્યાત્વના ભાવથી ભરેલો છે. કર્મથી વિવશ છે. મમત્વભાવથી મુંઝાયેલો છે. તૃષ્ણાની ખાઇમાં પડેલો છે. શરીરી ભાવમાં રાચ્યોમાચ્યો રહે છે. શરીરથી ભિન્ન કોઈ તત્ત્વ છે એવી સમજણ જ નથી. સંસારીભાવનું ગમવાપણું સદા રહે છે. બહારના સુખથી-કુટુમ્બકબીલાથી હું જીવું છે, એ ન હોય તો હું જીવી શકું પણ નહિ એવી માન્યતામાં રહેતો જીવ મુક્તિ પામી શકતો નથી.

શ્રી પદ્મનંદિ આચાર્ય સમજાવે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી વિભૂષિત પુરુષ જો તપ આદિ અન્ય ગુણોમાં મંદ હોય તોય તે સિદ્ધિને પાત્ર છે. એનાથી વિપરીત રત્નત્રય રહિત પુરુષ અન્ય ગુણોમાં મહાન પણ હોય તોય તે કદી સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. સ્પષ્ટ રીતે માર્ગથી પરિચિત જો ચાલવામાં મંદ હોય તો પણ ધીરે ધીરે ચાલીને ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે. પણ એનાથી વિપરીત જે મનુષ્ય માર્ગથી અજાણ છે તે ચાલવામાં ઝડપી હોય તો પણ ઇચ્છિત સ્થાને પહોંચી શકતો નથી.'

पंडित शीतलप्रसादजी लिखते है, "जो स्वकल्याण करना चाहे उसको जिस तरह बने अपने स्वरुपमें निश्चलता करनी चाहिए और स्वानुभवका परमानंद प्राप्त करना चाहिए"

પૂજ્ય બેનશ્રી ચંપાબેન દિવ્યગિરામાં લખે છે કે "સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે મારે કાંઇ જોઇતું જ નથી, એક નિજ આત્મ દ્રવ્ય જ જોઇએ છે એમ દઢતા કરી બસ- 'દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે. બાકી બધું કાઢી નાખે છે.... દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ એમ જોવા નથી બેસતી."

**પૂ. બ્રહ્મચારીજી**

"અવશ્ય મુક્તિ પામે જો અચલ ધારણા મને<br>
અવશ્ય મુક્તિ ના પામે, જેની ના ભાવના ટકે. ૭૧"

**શ્રી છોટાલાલભાઈ ગાંધી**

"જો નિશ્ચયધૃતિ ચિત્તમાં, મુક્તિ નિયમથી હોય,<br>
ચિત્તે નહિ નિશ્ચળ ધૃતિ, મુક્તિ નિયમથી નો'ય." ૭૧

**પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

"जो ग्रन्थ त्याग, उरमें शिव की अपेक्षा ।<br>
मोक्षार्थ मात्र रखता, सबकी उपेक्षा ॥<br>
होता विवाह उसका शिवनारी-संग,<br>
तो मोक्षचाह यदि है बन तु निःसंग ॥"

(ક્રમશઃ)

## શ્રી સદ્ગુરુપ્રસાદ...

**પાના નં. ૫ પરથી ચાલુ...**

થતી ન દેખાતી હોય ત્યાં સુધી કહેવું.

બીજા ત્રીજા માણસો દ્વારા તે આડીઅવળી વાત ફેલાવે અથવા બીજા તેવી વાત લાવે તો કહેવું કે તમારો બધાનો કષાય કરવાનો હેતુ મારા સમજવામાં છે. કોઇ બાઇ, ભાઈ પર કલંકની વાત ચડાવતાં આટલો બધો રાજીપો રાખો છો તેમાં ક્યાંક માઠું થઇ જશે. મારી સાથે તમારે વધારે વાત ન કરવી. તમારે તમારું કરવું. એવી રીતે યોગ્ય ભાષામાં અવસર દેખાય ત્યારે કહેવું. બાકી શાંત રહેવું. મનમાં મુંઝાવું નહીં. ઉપાશ્રયે જવું, ન જવું, સાણંદ જવું, ન જવું તે અવસરોચિત જેમ તમને લાગે તેમ કરશો. પણ મુખ્યપણે શાંત રહેશો અને સિદ્ધ કરી દેવા સંબંધી કાંઇ પણ ચોખવટ પર ધ્યાન આપશો નહીં. એવું ધૈર્ય રાખી, આત્માર્થમાં નિર્ભય રહેજો.

વાત લાવનારને કહેવું કે મનની કલ્પિત વાતો શા માટે ચલાવો છો ? કંઇક પરમેશ્વરી ડર રાખો તો સારું. એમ યોગ્ય શબ્દોમાં કહેવું, આત્માર્થમાં પ્રયત્ન કરવું.

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૪૦)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## સ્વદોષદર્શનથી ખેદ અને પ્રભુપ્રાર્થના - ૨

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

निःसंख्यसारशरणं शरणं शरण्य -
मासाद्य सादितरिपु प्रथितावदातम् !
त्वत्पादपंकजमपि प्रणिधानवंध्यो,
वध्योऽस्मि चेद् भुवनपावन! हा! हतोस्मि ॥४०॥

● **અન્વયાર્થ :**

**(हे) भुवनपावन! निःसंख्यसारशरणं शरण्यं सादितरिपु प्रथितावदातं त्वत्पादपंकजम् शरणं आसाद्य अपि चेद् (अहं) प्रणिधानवंध्यः (अस्मि) (तदा अहं) वध्यः अस्मि, हा! हतः अस्मि ॥**

● **શબ્દાર્થ : निःसंख्यसार शरणं** - (હે) અસંખ્યબળના (ધારક) આશ્રય (શરણ) રૂપ, **शरणं**- (હે) શરણદાતા, **शरण्यं** - શરણ કરવા યોગ્ય, શરણાગતોના પ્રતિપાલક, **आसाद्य** - પામીને, **सादितरिपु** - અષ્ટકર્મરૂપી શત્રુને, **प्रथितावदातम्** - નષ્ટ કરીને પોતાની કીર્તિ ફેલાવનાર, **त्वत्पादपंकजम्** - તમારા ચરણ કમળને, **अपि**- પણ, **प्रणिधान** - ધ્યાન, **वंध्यः** - નિષ્ફળ, શૂન્ય, ન કર્યું, **वध्यः** - (તેથી હું) વધને યોગ્ય, ફળહીન, **अस्मि** - છું, **चेद्** - તેથી, **भुवनपावन** - (હે) ત્રણે ભુવન (લોક)ને પવિત્ર કરનાર (પાર્શ્વ પ્રભુ), **हा!**- હાય!, **हतः** - (હું) હણાયેલ, **अस्मि** - છું.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**અસંખ્ય બળનું શરણ ને વળી શરણ કરવા યોગ્ય જે,**
**અરિનાશથી થઈ કીર્તિ એવા આપના પદકમળને;**
**શરણે છતાં પણ ભુવનપાવન! ધ્યાનથી કદી હીણ તો,**
**છું પ્રથમથી જ હણાયેલો, હણવા જ માટે યોગ્ય જો.(૪૦)**

(મંદાક્રાંતા)

**પામ્યો છું હું શરણ કરવા યોગ્ય એવા તમોને,**
**ને રાગાદિ અરિગણ ગયો આપથી નાશી પોતે;**
**એવા મારા પ્રભુજી કદી હું ધ્યાન ચૂકું તમારું,**
**તો હું માનું પરમ પ્રભુજી છેક દુર્ભાગ્ય મારું. (૪૦)**

● **ભાવાર્થ :** હે(૧)ત્રણ જગતને પવિત્ર કરનારા!, (૨) અસંખ્ય - અસાધારણ બળના આશ્ચર્યરૂપ, (૩)હે શરણદાતા - જેમનો કોઈ બંધુ - મિત્ર નથી તેમને આપ શરણ આપનાર છો, રક્ષણ કરનાર છો, શરણાગતના પ્રતિપાળ છો, (૪) શરણ કરવા યોગ્ય અને સર્વોત્તમ, (૫) કર્મશત્રુઓ પર વિજય પ્રાપ્ત કરી પોતાની કીર્તિ ફેલાવનાર, આપના મંગળમય ચરણોનું અવલંબન પામીને પછી પણ જો હું આપના ધ્યાનથી રહિત રહું, તો પછી હણવાને યોગ્ય એવો હું (મારી પોતાની મેળે જ) હણાયેલો જ છું.

● **વિશેષાર્થ / પરમાર્થ :**

આગળના શ્લોક-૩૯ માં સિદ્ધસેન દિવાકર સૂરિજીએ પ્રભુના છ સુંદર વિશેષણો કહ્યા હતા, તેમ તેઓશ્રી આ શ્લોક-૪૦ માં પ્રભુના પાંચ વિશેષણો નીચે પ્રમાણે જણાવે છેઃ-

(૧) **भुवनपावन** - ત્રણ લોકને પવિત્ર કરનારા. પોતાને લાધેલો કલ્યાણમાર્ગ ત્રણે લોકના સર્વ જીવોને પવિત્ર કરવા અર્થે તેઓ પ્રરૂપે છે. પવિત્ર કરવો એટલે કર્મમળનો નાશ કરવો.

(૨) **निःसंख्यसारशरणं** - જેમાં કોઈ પણ સંખ્યા નથી તે નિઃસંખ્ય અર્થાત્ અનંત સારનું (બળનું) ઘર (આશ્રય) અર્થાત્ અનંત બળવાળા પાર્શ્વપ્રભુ છે. પ્રભુએ ચાર ઘાતી કર્મનો ક્ષય કરેલ હોવાથી અનંત

વીર્ય પ્રગટેલ છે. વીર્યાંતરાય કર્મ સંપૂર્ણ ક્ષય થતા અનંત શક્તિ પ્રકાશી છે. અહીં શરણ એટલે આશ્રયસ્થાન.

(૩) **शरणं** - ત્રાણ, રક્ષક. ભવસમુદ્રમાં ડૂબતા જીવોને જિનશાસન દ્વારા દુઃખો અને દોષોથી રક્ષણ આપનાર. શરણદાતા અર્થાત્ શરણાગતોના પ્રતિપાલક.

(૪) **शरण्यं** - શરણ કરવા યોગ્ય, આશ્રયણીય. આપના સમાન આ વિશ્વમાં કોઈ નથી. ભવકટી જેને કરવી છે તેને શરણ લેવા યોગ્ય એક માત્ર તીર્થંકર ભગવાન અને તેમણે પ્રરૂપેલ વીતરાગ માર્ગ જ છે. સારભૂત અસંખ્ય વસ્તુઓમાં એકમેવ શ્રેષ્ઠ અને શરણ લેવા યોગ્ય પ્રભુ! આપ શરણું લેવા માટે સુયોગ્ય અને સર્વોત્તમ છો. પ્રભુના શરણમાં જે જાય તેમનું સંપૂર્ણ રક્ષણ કરવા તેઓ સમર્થ છે. તે જીવ શરણમાં રહી ઘણું પ્રાપ્ત કરે છે.

(૫) **सादितरिपु** - જેણે રાગાદિ શત્રુઓનો નાશ કરેલો છે. રાગ ગયાના પ્રતીકરૂપે પ્રભુના તનનું લોહી સફેદ હોય છે. અષ્ટકર્મરૂપી શત્રુનો નાશ કરીને આત્માને શુદ્ધ - પરમ વિશુદ્ધ બનાવી દીધો છે, જેથી આપનો યશ ત્રણે લોકમાં પ્રસારિત થયો છે. કર્મશત્રુઓનો નાશ કરવામાં પ્રસિદ્ધ અને પ્રભાવવાળા.

આચાર્યશ્રી પાર્શ્વપ્રભુને કહે છે કે તેમના ચરણકમળરૂપી સમર્થ રક્ષકને પામીને પણ પ્રણિધાનથી અર્થાત્ ધ્યાનથી (ચિત્તની સમાધિથી) રહિત છું તેથી હું વધ કરવા યોગ્ય છું. હાય! ખેદ છે કે હું રાગાદિ શત્રુઓથી હણાયેલો છું. આમ, પ્રભુને પામીને (સાંયોગિક, પ્રારબ્ધ) પણ સમ્યગ્ આરાધી (આત્મિક, પુરુષાર્થ) નહીં શકવા બદલ વ્યથા પ્રગટ કરે છે.

અહીં તેમને પ્રભુનો - પ્રભુના ધ્યાનાદિનો વિરહ ખટકી રહ્યો છે. કહે છે કે આપને પામીને પણ **चेद् प्रणिधानवंध्यः** રહ્યો, અર્થાત્ આપનું ધ્યાન ન કરી શકું, ચિત્તમાં આપને સ્થાપી ન શકું, ચિત્તનું સમાધાન (સમાધિ) કરી ન શકું, આપને આત્મભાવથી નમસ્કારથી રહિત હોઉં તો ખરેખર વધ્ય છું, વધ કરવા યોગ્ય છું.

આચાર્યશ્રીને વિનાશી - તુચ્છ - દુઃખ મિશ્રિત - દુઃખના પ્રતિકારરૂપ - પરાધીન - દુઃખ ફલક અને વિભાવ (પરભાવ) સ્વરૂપ ભૌતિક સુખના વિરહની વ્યથા નથી, પરંતુ સ્વાધીન - સ્વચ્છ- શાશ્વત - સ્વભાવરૂપ - અનંત - અક્ષય - નિરાબાધ એવા આત્મિક, આધ્યાત્મિક સુખના કારણભૂત પ્રભુના પ્રણિધાન (ધ્યાન, ચિત્તની સમાધિ)થી રહિત હોવાનો ખેદ છે. મહાન અતિશય સંપન્ન પરમાત્માને પામીને પણ વાસ્તવિક ફળને પામી શક્યો નહિ, એનું કારણ એક જ છે કે મેં આપના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કર્યું નથી અને આપની ભક્તિ સાચા દિલથી કરી નથી.

હે ત્રિભુવનસ્વામી! આપ અનંત શક્તિવાળા છો, આપ શરણું લેવા માટે સુયોગ્ય છો, આપ રાગાદિ શત્રુઓનો નાશ કરનાર છો, આપ સુપ્રસિદ્ધ મહિમાવાળા છો તથા આપ પ્રભાવશાળી છો. હે પ્રભુ ! આપના ચરણકમળ પ્રાપ્ત કરવા છતાંય, મોહભાવને લીધે મેં આપનું ધ્યાન ધર્યું નહીં તેથી મારા જેવો કોઈ અભાગી નથી અર્થાત્ પાર્શ્વનાથ ભગવંતના આત્મિક ગુણો અને ઐશ્વર્યને જાણવા છતાં જે જીવ મોહવશ થઈ પ્રભુની શ્રદ્ધા અને ભક્તિભાવ સહિતની આરાધના ચૂકી જાય છે તેનો મનુષ્યગતિમાં જન્મ નિષ્ફળ જાય છે.

આત્માને સંસારમાં પરિભ્રમણ કરાવનાર કર્મ છે (તેના પાયામાં નિશ્ચયથી જીવની નબળાઈ અને વિભાવ છે). કર્મને કારણે (નિમિત્ત અપેક્ષાએ) આત્મામાં અનેક વિભાવો ઉત્પન્ન થાય છે અને પરિણામે અસંખ્ય શત્રુઓ (દોષો) પેદા થાય છે, અને જીવ અનેક પ્રકારની પીડા તથા કલેશ અનુભવે છે. પ્રભુ માત્ર બહારથી દેખાતાં શત્રુઓનો નાશ કરે છે (શ્વાનદૃષ્ટિ) એમ નથી, પણ જેના થકી એ શત્રુઓ પેદા થાય છે તે મૂળનો - વિભાવનો - કર્મોનો જ સર્વથા નાશ કરે છે (સિંહદૃષ્ટિ). આથી જ પ્રભુ

'અરિહંત', જેમના બધાજ શત્રુઓનો નાશ થયો છે એવા પરમ ભાગ્યવંત કહેવાય છે. આ અરિહંતપણું એ જ પ્રભુની વિશેષતા છે અને તેથી તેમની કીર્તિ ત્રણે લોકમાં ફેલાય છે.

મહાસમર્થ પ્રભુના શરણમાં રહી ધ્યાન ધરવામાં આવે તો શરણ લેનાર મુક્ત થાય જ, અને જો તે જીવ મુક્ત ન થાય તો તેમાં પ્રભુનો નહિ પણ ધ્યાન કરનારનો દોષ હોય. ઉત્તમમાં ઉત્તમ યોગ પ્રાપ્ત થવા છતાં પણ જે પોતાનું કલ્યાણ ન કરે, તો તે પછી બીજા કયા સંજોગોમાં કલ્યાણ કરી શકે ? આવો જીવ તો સદાય કલ્યાણથી વંચિત રહે અને વ્યવહારથી નિષ્ફળ અને પરમાર્થથી હણાયેલો છે. ઉત્તમ યોગમાં પણ સ્વકલ્યાણ ન કરે તો જીવ પોતે પોતાની મેળે જ (પોતાના અજ્ઞાન, મોહ, સ્વચ્છંદથી) 'નાશ' પામ્યો કહેવાય.

અલબત્ત, આચાર્યશ્રીએ તો અનન્ય શરણ લઈ મહદ્ અંશે કલ્યાણ સાધી લીધું છે અને અલ્પકાળમાં જ શુદ્ધ-બુદ્ધ-મુક્ત થવાની યોગ્યતાવાળા બની ગયા છે. તો જ તેઓશ્રી આવા અદ્ભુત સ્તોત્ર **કલ્યાણમંદિર**ની રચના કરી શકે.

એમ અનુમાન થઈ શકે કે સિદ્ધસેન દિવાકર સૂરિજીએ આ સ્તોત્રની રચના : (૧) પોતાના અનુભવના નિચોડરૂપે અન્ય સર્વને ચેતવવા કરી હોય અથવા (૨) ગમે તેવી ઉચ્ચ દશાએ જીવ પહોંચ્યો હોય પણ સંપૂર્ણ કર્મમુક્ત થયા પહેલા વિપરીત વર્તે તો (સાપસીડીની ગેઈમ જેમ) પતન થાય. જેમ શ્રેણીમાં ચડેલો જીવ પ્રમાદથી ૧૧મા ગુણસ્થાનેથી પડીને પહેલા ગુણસ્થાને આવી શકે. આમાં જીવ દોષ કરે છે તેથી 'હણાય' છે.

**शरणं शरणं शरण्य** - એમ ત્રણ વાર 'શરણ' શબ્દનો ઉપયોગ થયો છે. પ્રથમ શરણ અસંખ્ય ગુણોના આધાર (અધિકરણ) માટે છે. બીજું શરણ પરમાત્મા શરણભૂત છે અર્થાત્ શરણ લેવા યોગ્ય છે. સહાયતાની શક્તિના પુંજ છે એટલા માટે તેઓ શરણભૂત છે. ત્રીજીવાર ભક્ત માટે આગ્રહ (અનુરોધ) છે કે પરમાત્માના શરણે અવશ્ય જવું જોઈએ કેમ કે તેઓ શરણાગત પ્રતિપાલક છે અને સુયોગ્ય શરણ્ય છે.

**प्रणिधान वंध्य** - શબ્દ ગૂઢાર્થ અને ભિન્ન-ભિન્ન ભાવનો દ્યોતક છે. સર્વ પ્રકારે શરણગતિ અને ચરણકમળનો આશરો લેવા છતાં કાર્યસિદ્ધિ (આત્માની શુદ્ધિ અને સિદ્ધિ) કેમ થતી નથી? કોઈ એવી ત્રુટિ રહી ગઈ છે, જેથી પ્રયત્ન સફળ થયો નથી. **તે ત્રુટિ છેઃ પ્રણિધાન થયું નથી**, પ્રણિધાન શૂન્ય રહી ગયો છું, પ્રણિધાન (આત્મલક્ષે ભાવપૂર્વકના ધ્યાન)નો જ અભાવ છે. બાહ્યપ્રક્રિયા હોવા છતાં પણ મન-વચન-કાયાથી સમર્થ પુરુષને સમર્પિત ન થયો. જેવું ધ્યાન હોવું જોઈએ તેવું પ્રણિધાન ન થયું. **वंध्य** - શબ્દ અભાવનો સૂચક છે. પ્રાપ્ત યોગ્ય હોવા છતાં પ્રાપ્તિનો અભાવ રહી જાય છે. જેમકે યુવાન નારી નિઃસંતાન, બધે હરિયાળી છતાં દાણા અનુત્પન્ન, વિરાટ જાંબુના વૃક્ષમાં જાંબુના ફળનો અભાવ વગેરે.

આ શ્લોકમાં ભિન્ન - ભિન્ન સંબોધનો દ્વારા પ્રભુભક્તિને પ્રવાહિત કરી છે. સ્તુતિ-ભક્તિ-કાવ્યકલાનો ત્રિવેણી સંગમ છે.

● **ઉત્થાનિકાઃ**- શ્લોક-૪૧ માં આચાર્યશ્રી પાર્શ્વપ્રભુની અદ્ભુત સંબોધનો દ્વારા સ્તુતિ કરીને સંકટસાગરમાંથી બચાવવાની પ્રાર્થના કરે છે.

● **અંતમંગલઃ**- અંતમાં સર્વ જીવ પ્રભુના દિવ્ય ચરણકમળના આશ્રય સાથે યથાર્થ પ્રણિધાનથી (ભાવ અને ધ્યાન) સ્વકલ્યાણ કરે એ મંગલ ભાવના સાથે જિનાજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણ મસ્તુ ॥

● ડાહ્યો માણસ પોતાના મનનો માલિક હોય છે અને મૂર્ખ માણસ પોતાના મનનો ગુલામ હોય છે.

● સારા દેખાવું સહેલું છે, પણ સારા બનવું કઠિન છે.

# યુ.કે.ની ધર્મયાત્રા વેળાની તસવીરો



યુ.કે. માં આગમન



શ્રી નેમુભાઈ ચંદેરિયાના નિવાસસ્થાને



શ્રી જયસુખભાઈ મહેતાના નિવાસસ્થાને



શ્રી પ્રવીણભાઈ મહેતાના નિવાસસ્થાને



ઓસવાલ એસોસીએશન (એમા સોલ્ટર)



શ્રી જ્યોત્સનાબેન અલતાફભાઈ સામજી



શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર (યુ.કે.)





આદ. જયંતિદાદા તથા આદ. પુષ્પાબાના નિવાસસ્થાને





આદ. શ્રુતિબેન શૈલેષભાઈ માલદેના નિવાસસ્થાને





પોટર્સબાર દેરાસર, લંડન (યુ.કે.)

## BAPS (લંડન, યુ.કે.)







મુખ્ય સંઘપ્રચારક શ્રી ચંદ્રકાંતજીનું અભિવાદન

શ્રી તૃષિતબેન વિનયભાઈ શાહના નિવાસસ્થાને







## કેન્ટોન દેરાસર (યુ.કે.)



શ્રી ભરતભાઈ બાવીસીના નિવાસસ્થાને



શ્રી નીતિનભાઈ મહેતાના નિવાસસ્થાને



શ્રી જ્યોત્સનાબેન શાહના નિવાસસ્થાને



H.S.S. હેડક્વાટર્સ, લેસ્ટર



શ્રી ઊર્મિલાબેન હર્ષદભાઈ સંઘરાજકાના નિવાસસ્થાને

ઓક્સફર્ડ યુનિવર્સિટી



# સત્સમાગમ

રમેશભાઈ કાંતિલાલ ખંધાર

સત્સંગ અને સ્વાધ્યાયને ધબકતા અને જીવંત રાખનાર સદ્‌ગુરુનો સમાગમ છે. સદ્‌ગુરુની મુખમુદ્રા અને સત્સમાગમ મુમુક્ષુની ચેતનાને જાગૃત કરે છે. 'મુદ્રા અરુ સત્સમાગમ સૂતી ચેતના જાગૃત કરમ' 'કર્મરોગ પાતિક ઝરે, નિરખત સદ્‌ગુરુ મુખ' 'જે ગુરુવાણી વેગળા, રડવડીયા સંસાર' બધા જ્ઞાનીઓએ સત્સંગનો મહિમા વિશેષ કરીને ગાયો છે તેનું મુખ્ય કારણ સદ્‌ગુરુયોગ વિના દર્શનમોહરૂપ સ્વચ્છંદતા ટળે નહિ. 'પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગથી, સ્વચ્છંદ તે રોકાય; અન્ય ઉપાય કર્યા થકી પ્રાયે બમણો થાય' મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ છે એવા સદ્‌ગુરુ જ માર્ગને બતાવી શકે. પોતાની મતિકલ્પનાએ અનંતકાળથી સંસારપરિભ્રમણ કરીને દુઃખી થયો છે. જીવ અનાદિથી જન્મ-જરા-મરણના દુઃખનો આત્યંતિક ક્ષય કરવાનો ઉપાય જાણતો નથી. છૂટવાની અંતરતમ ભાવના થાય તો સદ્‌ગુરુનો સત્સમાગમ થાય એવી પાત્રતા પ્રગટે છે. પૂર્વના સુષુપ્ત સંસ્કારને જાગૃત કરે છે. સદ્‌ગુરુના બોધથી ત્રિવિધ તાપનો ક્ષય કરવાના ઉપાયો સરળપણે જાણી શકે છે.

**તૃષ્ણા અને અહંકારને નિર્મૂળ કરે છેઃ-**

સત્સમાગમથી જાગૃત થાય તેની તૃષ્ણા નિર્મૂળ થતી જશે. અહંકારનો નશો સત્પુરુષની અંતરંગ દશાની ઓળખાણથી જ નષ્ટ થાય છે. સત્સમાગમે જ પોતાની આપાધાપીની વ્યર્થતા સમજાય છે. સતત દોડતા રહેવાથી કંઇ પ્રાપ્ત થતું નથી. દશાની ઓળખાણ થયે પોતાનો રાગભાવ સ્પષ્ટપણે દૃષ્ટિમાં આવે છે અને સાથે સાથે સદ્‌ગુરુનો સાક્ષીભાવનો અને અકર્તાભાવનો અહેસાસ પણ થાય છે. સત્સમાગમ રુચિપૂર્વક, આત્મકલ્યાણની ભાવનાપૂર્વક થાય તેમ તેમ તેમના સંગનો રંગ ચડતો જાય છે. તેમના નિર્મળ દર્પણરૂપી અંતઃકરણમાં પોતાના દોષો દેખાય છે અને દોષોને દૂર કરવાના પ્રયત્નો થતાં રહે છે.

સદ્‌ગુરુની નિરાબાધ મનોવૃત્તિનું નિરીક્ષણ થાય છે અને પોતાની ચંચળ અને અસ્થિર મનોવૃત્તિનો ખ્યાલ આવે છે. પરવસ્તુની ઇચ્છા, આકાંક્ષા જ પોતાને દોડતો રાખે છે એ સમજાય છે. પદ, પ્રતિષ્ઠા, લક્ષ્મી, અધિકારનો નશો - મદ જન્મોજન્મ જીવને અધોગતિ તરફ ધકેલે છે. તે સર્વ કર્મકૃત વ્યક્તિત્વરૂપી દેહના શણગાર અર્થે છે. આત્માને તેમાંથી કંઇ મળતું નથી. ઉલ્ટાનું આત્મધન લૂંટાઈ જાય છે. તેમની મુખમુદ્રા અને અન્ય ચેષ્ટાના અવલોકનથી સત્પુરુષની નિર્વિકાર, શાંત અને નિરાબાધ મનોવૃત્તિ મુમુક્ષુને સ્પર્શી જાય છે. 'મુદ્રા અરુ સત્સમાગમ સૂતી ચેતના જાગૃત કરમ'. બહિર્યાત્રા બંધ થવી અને અંતર્યાત્રા શરૂ થવી એ જ ચેતનાની જાગૃતિ છે. ઉપયોગનું વલણ અંતર્મુખ થાય છે. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ સાથે અનુસંધાન થાય છે અને આત્મસ્વભાવની શાંતિનું ઝરણું પર્યાયમાં વહેવા માંડે છે.

**સત્પુરુષનો સમાગમ સંક્રામક છેઃ-**

સંગ તેવો રંગ ચડે એ ન્યાયસિદ્ધ છે. સત્પુરુષની મુખમુદ્રા, તેમના લક્ષણો, તેમની ચેષ્ટાના અવલોકનરૂપ સમાગમથી આત્મવિચાર અંકુરિત થાય છે અને ક્રમે કરીને સ્વ-પરનો વિવેક પ્રગટે છે. સાધના ધારાવાહી થાય તેમ તેમ અનુભૂતિની સંભાવના વધતી જાય છે. સદ્‌ગુરુનો સમાગમ સંક્રાત્મક બની રહે છે. સહજભાવે અંતરપરિણતિમાં આમૂલ પરિવર્તન થવા માંડે છે. મિથ્યા અભિપ્રાયરૂપ અમાસનો અંધકાર વિલીન થવા માંડે છે. સદ્‌ગુરુની અન્તરાત્મદશારૂપ ઉષાના કિરણોમાં પરમાત્મસ્વરૂપની ઝાંખી થાય છે. 'ગુરુ વિના જ્ઞાન નહિ' એ વચનનો પરમાર્થ, મર્મ, ગૂઢાર્થ સમજાય છે. સદ્‌ગુરુનો સ્થૂળ યોગ તો કર્મકૃત છે, પુણ્યના ઉદયરૂપ છે પણ તે સ્થૂળ સમાગમની યથાર્થ

ઓળખાણ એ તો જીવકૃત છે, જીવના વર્તમાન પુરુષાર્થની બલિહારી છે. દ્રોણાચાર્ય પ્રત્યેની નિર્દોષ અને નિષ્કામ ભક્તિના કારણે જ અર્જુન સર્વશ્રેષ્ઠ ધનુર્ધારી બન્યો. શ્રદ્ધા, પ્રેમ, અને અર્પણતા જ સંગને સંક્રામક બનાવે છે. અંતરના ભાવથી સદ્‌ગુરુના ભાવ સાથે જોડાણ થાય છે.

**અંતરંગ દશાની ઓળખાણ એ જ વાસ્તવિક સત્સમાગમ છેઃ-** 'માત્ર જ્ઞાનીને ઇચ્છે છે, ઓળખે છે અને ભજે છે, તે જ તેવો થાય છે અને તે ઉત્તમ મુમુક્ષુ જાણવો યોગ્ય છે'- શ્રીમદ્ રાજચંદ્રજી

જેને જ્ઞાની જેવા થવું હોય તે જ જ્ઞાનીને ઇચ્છે. સંસારગત વહાલપ વર્તતી હોય એવા તીવ્ર મિથ્યાત્વી જીવને જ્ઞાની પ્રત્યે કોઈ અહોભાવ ન જાગે. તે તો માન કષાયની પુષ્ટિ અર્થે અસદ્‌ગુરુને જ ઇચ્છે અને સમર્પિત થાય. જેને માત્ર મોક્ષ અભિલાષરૂપ તીવ્ર સંવેગ હોય, અભીપ્સા હોય તે સદ્‌ગુરુની અને તેના સત્સમાગમની શોધમાં હોય. 'એમ વિચારી અંતરે શોધે સદ્‌ગુરુયોગ'. તેની પ્રાપ્તિ થયે 'ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર'. તેમની અંતરંગ દશાને ઓળખવાનો દુર્ધર પુરુષાર્થ આદરે. જેમ જેમ ઓળખાણ થતી જાય તેમ તેમ તેમના જેવા થવાની અભીપ્સા વધતી જાય અને તે સ્વરૂપને ભજવાનો પુરુષાર્થ કરતો રહે.

**સત્સમાગમ વિના અંતર્મુખતાની સાધના અધૂરી જ રહે છેઃ-**

'જે જેવું ચિંતવે તે તેવો થાય' એ ન્યાયે ક્રમે કરીને મુમુક્ષુ જ્ઞાનદશાને પ્રાપ્ત થાય છે. તેથી જ સર્વ જ્ઞાનીપુરુષોએ સત્પુરુષના સમાગમને જ અમૂલ્ય અને અનુપમ લાભરૂપ વર્ણવેલ છે. 'આ ક્ષણભંગુર જગતમાં સત્પુરુષનો સમાગમ અમૂલ્ય અને અનુપમ છે.'- શ્રીમદ્ રાજચંદ્રજી. સદ્‌ગુરુએ પોતાની જ્ઞાનજ્યોતિ પ્રજ્વલિત કરી છે. 'દીવે દીવો પ્રગટે' એ ન્યાય પ્રમાણે સદ્‌ગુરુનો સમાગમ અજ્ઞાન અંધકારને દૂર કરી પોતાની જ્ઞાનજ્યોતિને પ્રજ્વલિત કરે છે. જેમ અપ્રજ્વલિત દીવાને પ્રજ્વલિત દીવાની એકદમ નજીક લાવવો પડે છે તેમ અંતરથી જેટલો નિકટતમ સમાગમ થાય તેમ તેમ જ્ઞાનજ્યોતિ પ્રગટવાની સંભાવના વધતી જાય છે. મુમુક્ષુતા વર્ધમાન થતી રહે છે.

સદ્‌ગુરુના સમાગમથી પ્રાપ્ત થયેલ બોધ હૃદયમાં સોંસરવટ ઉતરી જાય છે અને દેશનાલબ્ધિને પ્રાપ્ત થાય છે. હવે જીવને સમજાય છે કે અત્યાર સુધીના મારા પ્રયત્નો ખોટી દિશામાં ફેંકેલા તીર જેવા હતા. તેથી સાધ્યની સિદ્ધિ થવાને બદલે ખોટનો ધંધો જ કરતો રહ્યો. આ પુણ્યોદયથી પ્રાપ્ત અનુકૂળ સ્થિતિ પણ કર્મને આધીન છે. હવે જાગૃત થઈ મારે મારું કાર્ય કરી લેવું છે એવો નિર્ધાર સદ્‌ગુરુના સમાગમે જ થાય છે. એવા દઢ નિર્ણય વિના અજ્ઞાની જીવ અનાદિની વૃત્તિના પ્રવાહમાં તણાઈ જઈ રાગદ્વેષરૂપ પ્રતિકારો આપતો રહે છે, સંસારપરિભ્રમણને લંબાવતો રહે છે, અને અંતર્મુખ થવાની સંભાવના નહિવત્ થાય છે.

**સત્સમાગમથી મુમુક્ષુની આત્મજાગૃતિ વધે છેઃ-** ઘણા જીવો મૃત્યુ સમયે થોડા ઘણા જાગૃત થતાં હોય છે. પરંતુ, તે જાગૃતિમાં ઊંડાણ નથી હોતું કારણ કે મૃત્યુને જોઈને વૈરાગ્ય પ્રગટ્યો છે. આ દુઃખગર્ભિત વૈરાગ્ય છે. અનાસક્તબુદ્ધિરૂપ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી. તે તો સદ્‌ગુરુના સમાગમે જ પ્રગટે કારણકે મૃત્યુ પહેલા જ સદ્‌ગુરુના બોધથી અને સમાગમથી સંસારની અનિત્યતા, અશરણતા, અસારતા સમજાય છે. કષાયથી ઉપશાંતતા થાય છે, સંસ્કારરૂપ થાય છે. તેથી મૃત્યુ સમયે આત્મવિચારમાં રહેવાની યોગ્યતા - ક્ષમતા ધરાવે છે. સમગ્ર જીવન દરમ્યાન જે જીવે સદ્‌ગુરુનો સમાગમ નથી કર્યો તે મૃત્યુ સમયે વેદનાથી ઉપર ઉઠી આત્મવિચારમાં પ્રાયે ન આવી શકે. એવા જીવને મૃત્યુ સમયે 'અબ પછતાયે હોત ક્યા, જબ ચિડીયા ચુગ ગઈ ખેત' એવી હાલત થાય છે. ઇન્દ્રિયવિષયોરૂપી પક્ષીઓએ આત્મધનરૂપી બીજને સત્ત્વહીન કરી નાખ્યું છે, આત્મધન લૂંટાઈ ગયું છે. એવા બહુભાગ જીવો તો વાસ્તવિક પશ્ચાત્તાપ પણ કરી શકતા નથી. બધું વોસિવારી દેવાની વાત તો બહુ દૂર રહી. ભાવનાપૂર્વકનો સદ્‌ગુરુનો સત્સમાગમ સામાન્ય મૃત્યુને સમાધિમરણમાં રૂપાંતરિત કરવાની શક્તિ ધરાવે છે.

સમજીને શાંત થવું, આત્માની પ્રીતિ-રુચિરૂપ સ્વદયા, સંસારની અસારતા, સંસાર તૃણવત ભાસવો, અન્ય જીવોનું કલ્યાણ કરવાની ભાવનારૂપી પરદયા, સમયે સમયે પ્રારબ્ધ ઉદયનો ક્ષય કરવારૂપ સ્વીકારભાવ આદિ ગુણો સદ્‌ગુરુની દશામાં ઝળકતાં હોય છે. સંકલ્પવિકલ્પની મંદતા પણ દૃષ્ટિમાં આવે છે. ચિત્તપ્રસન્નતારૂપ શાંતિ, સરળતા, ઉપયોગની સ્થિરતા પણ સૂક્ષ્મદૃષ્ટિમાં પકડાય છે. મુમુક્ષુ એકાગ્રતાપૂર્વક સદ્‌ગુરુની મુખમુદ્રા, ચેષ્ટા વગેરેનું અવલોકન કરે તો દૃષ્ટિમાં આ બધું પકડાય-જણાય છે. આ ગુણોને સદેહે નિહાળવાની કળા એ જ સદ્‌ગુરુનો સત્સમાગમ થવો છે. આવો સમાગમ ઉપયોગને અંતર્મુખ કરે છે અને ધ્યાનની સ્ફુરણા સહજપણે થતી રહે છે. બાહ્ય વસ્તુ-વ્યક્તિ-પરિસ્થિતિ પ્રત્યેનો અહોભાવ-આશ્ચર્ય ગૌણ થતાં જાય છે. સુદર્શન શેઠની વીતરાગી મુખમુદ્રા અને સૌમ્યતા જોઈને યક્ષ પણ કંઈ ન કરી શક્યો અને અર્જુનમાળીના દેહમાંથી નીકળીને અલોપ થઈ ગયો. સુદર્શન શેઠના અતિ અલ્પ બોધથી અર્જુનમાળીને મહાવીરનો સત્સમાગમ કરવાની અદમ્ય અભીપ્સા જાગી. કૃપાળુદેવની વીતરાગ દશા, જ્ઞાનદશાને નિહાળી શ્રી સોભાગ, લલ્લુજી મુનિ, અંબાલાલ જેવા પાત્ર જીવો સદ્‌ગુરુને સમર્પિત થઈ ગયા. સર્વત્ર સત્સમાગમની જ બલિહારી છે.

**સત્સમાગમથી નિજદોષ દર્શનઃ-** જે ગુણનો અહોભાવ આવે, દૃષ્ટિમાં પકડાય તે ગુણના વિકારી ભાવરૂપ દોષ પોતામાં દેખાવાનું શરૂ થાય છે. સદ્‌ગુરુના ક્ષમા ગુણને દૃષ્ટિમાં લેતા જ પોતાના ક્રોધકષાયરૂપ દોષ દૃષ્ટિમાં નજરાય છે. તેનો સ્વીકાર થતાંની સાથે જ તે દોષ પાંગળો થઈ જાય છે. એવી જ રીતે સદ્‌ગુરુની નિર્માનતાના દર્શનથી પોતાના માન કષાયનો સ્વીકાર થાય છે, સરળતાના દર્શનથી માયાકષાય, અને નિઃસ્પૃહતાના દર્શનથી લોભ કષાયરૂપી દોષનો સ્વીકાર થાય છે. રઘવાયા જીવને સદ્‌ગુરુની અપૂર્વ શાંતિના દર્શન થાય છે. તરંગી જીવને સાક્ષીભાવના દર્શન થાય છે. દોષ દેખાયો કે ગયો જ સમજો કારણકે દોષને આત્માનો આધાર ન રહ્યો. મુમુક્ષુએ દોષને પોતાના જ્ઞાનનું જ્ઞેય બનાવ્યું અને દોષથી ભેદજ્ઞાન કર્યું. હવે દોષનું બળ ક્ષીણ થતું જાય છે. નિર્લેપતા અને સંકલ્પવિકલ્પની મંદતારૂપ ઉપયોગની સ્થિરતારૂપ ધ્યાન મુમુક્ષુને સહજપણે ધ્યાનની પ્રેરણારૂપ થાય છે.

**સમાગમ થવા અર્થે મુમુક્ષુની પાત્રતા કેવી હોવી જરૂરી છે?**

★ જેને છૂટવાની ઇચ્છા હોય, નિજસ્વભાવની રુચિ હોય, સંસારથી થાક્યો હોય તો જ સત્સમાગમયોગ બની રહે છે.

★ 'હું કશું જ જાણતો નથી' એવો લઘુતાભાવ હોવો અનિવાર્ય છે. 'હું પણ કંઈક જાણું છું.' એવા ભાવમાં સ્વચ્છંદતાના અંશો રહેલા છે.

★ બુદ્ધિનો ક્ષયોપશમ હોય અને કેટલાય શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય તો પણ તે પરલક્ષી જ્ઞાન છે. તેથી તેને જ્ઞાન માની લેવાની ભૂલથી સદ્‌ગુરુ પ્રત્યે અહોભાવ આવતો નથી. સત્સંગ વખતે પણ 'આ તો હું જાણું છું' એવો ભાવ બની રહે છે તેથી સદ્‌ગુરુના વચનોની અપૂર્વતા ભાસતી નથી તેમજ તેના પર ચિંતન-મનન કરવાની આવશ્યકતા ભાસતી નથી. 'હું કશું જ જાણતો નથી' એવો લઘુતાભાવ ધારણ કરીને જાય તો સદ્‌ગુરુનો બોધ અંદર ઉતરે.

★ આવડતનું અભિમાન સમાગમ માટે અંતરાય બને છે. શાસ્ત્રજ્ઞાનની જાણકારીથી પરિણામમાં પલટો આવતો નથી. શાસ્ત્રજ્ઞાનરૂપ શ્રુતજ્ઞાન ભાવશ્રુતરૂપે પરિણમે ત્યારે કાર્યસિદ્ધિ છે. તે થવા અર્થે સત્સમાગમ અત્યંત જરૂરી છે.

★ આજ્ઞાને આરાધે તો અંદરથી ઝુકવાનું થાય છે. અર્થાત્, અંદરથી ઝૂકે તો જ આજ્ઞાની આરાધના-ઉપાસના થઈ શકે.

★ નિર્વેદ આદિ ગુણ ન હોય પણ તે ગુણોને પ્રગટાવવાની ભાવના છે તો પણ સદ્‌ગુરુનો યોગ કાર્યકારી નીવડે છે. ભાવની જ મુખ્યતા છે.

★ વિનય-લઘુતાભાવની ઓછાઈ હોય અને પરિણામની વિષમતા હોય તેને તો સદ્‌ગુરુયોગ પણ અયોગ બની રહે છે.

આવતા લેખમાં સત્સમાગમ વિષે વધુ વિચારણા કરીશું. (ક્રમશઃ)

# આંતરદીપ પ્રગટાવો

**ભાનુબેન શાહ**

સમય સ્વૈરવિહારી છે. પોતાની પ્રકૃતિ મુજબ આગળ ને આગળ ડગલું ભર્યા કરે છે. શૂરવીરતાથી "ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું" તે રીતે કવિ નર્મદને અનુસરે છે. તે કદી પાછું વળીને કોઈના જીવનમાં ડોકિયું કરતો નથી. તેને નિયંત્રણમાં, કાબૂમાં-વશમાં રાખી શકાતો નથી. તે કદી થોભતો નથી, રોકાતો નથી, અટકતો નથી. તેને સર કરવો પામર, પાંગળા, પરાધીન, વામણા માનવીની શક્તિ નથી. કંઈકના જીવનમાં ઉથલપાથલ મચાવી દે છે. રાજાને તે, ધનેડું જેમ ધાન્ય માટે વલખાં મારે તેમ અન્ન માટે તડપાવે છે, તો ગરીબને ગૌરવ, ગરિમા સાથે રાજગાદી પર બેસાડી દે છે. તે ઘણાંને ઘણું આપે છે, તો ઘણાંનું ઘણું છિનવીને રોતાં કકળતાં કરી મૂકે છે. સમયનો સામનો કરવા કોઈ સમર્થ નથી.

છતાં પણ તેનો પરિવર્તન કરવાનો સ્વભાવ છે. પસાર થતાં સમય દરમ્યાન ઘણા તહેવારો લાવે છે. કોઈમાં ભક્તિભાવ મુખ્ય, તો કોઈમાં હરવાફરવાનું, ખાવાપીવાનું, પહેરવાઓઢવાનું, હળવામળવાનું મુખ્ય હોય છે, જે માનવીને મોજમજા, ખુશાલીથી ભરી દે છે, જીવન જીવવાનું નવું બળ આપે છે.

વર્ષ આખરે આવતો દિવાળીનો તહેવાર આવો જ છે. માનવીને તાજગી, તંદુરસ્તીથી પ્રસન્ન કરી દે છે. ૩૬૦ દિવસને સમેટીને નૂતન વર્ષ શરૂ કરી દે છે. લોકો સાફસફાઈ કરીને, ઘરનો કચરો કાઢે છે, રંગરોગાન કરીને ઘરને ચમકતું, દમકતું બનાવે છે. અવનવી ખરીદીઓ કરીને મનને બહેલાવે છે, ખાદ્યસામગ્રીઓ તૈયાર કરીને રસનાને રસાસ્વાદ કરાવે છે. તહેવારો માનવજીવનનું આકર્ષણ બની રહે છે.

દિવાળીને દીપોત્સવી પર્વ કહેવામાં આવે છે. દીપ પ્રકાશનું પ્રતીક મનાય છે. લોકો ઘરઆંગણે દીવાઓ મૂકે છે, વાતાવરણ ઝાકઝમાળ ને ઉજમાળું બનાવે છે. શહેરમાં પણ ઠેરઠેર રોશની કરીને સઘળું પ્રકાશિત કરે છે. અજવાળું મનને ઉત્સાહ-ઉમંગથી ભરી દે છે. પ્રકાશ સૌને ગમે છે, અંધકારથી સૌ દૂર ભાગે છે.

આપણા આરાધ્યદેવ મહાવીર સ્વામી દિવાળીને દિવસે જ નિર્વાણ પામ્યા અને સમગ્ર જગત અંધકારમય થઈ ગયું. તેઓ જગતને પોતાના જીવનના તપ, ત્યાગ, સંયમ, સહિષ્ણુતા, સ્વીકૃતિ વગેરે ભાવનાત્મક સદ્‌ભાવોથી અજવાસિત કરતા ગયા. તેથી આ દિવસે ખરેખર તો આપણે અંતરમાં દીપ પ્રગટાવવાનો છે. ત્યાંજ પ્રકાશ ફેલાવવાનો છે. ભગવાને કહ્યું છે કે, "તું તારા દિલનો દીવો થા ને." અંતરમાં પ્રગટેલો દીવો આંતરિક ઘટના છે અને તે સ્વ પુરુષાર્થથી જ થઈ શકે છે. માટીના દીવડા ભીતરમાં પ્રકાશ ફેલાવી શકે નહીં. આંતરદીપ આત્માને દર્શાવી શકે, આત્માનુભૂતિ કરાવી શકે. આત્મસાક્ષાત્કારનો ચમત્કાર પણ બતાવી શકે.

"ભીતર પડ્યું છે એક અમૂલું રતન,
એનું કરવાનું છે સૌએ જતન,
કર્મકચરા કાઢીને શુદ્ધ કરવાનો યત્ન,
પહોંચવાનું છે નિજ ગૃહે સ્વવતન."

આત્મા આપણું સત્ય, સ્વાધીન ઘર છે. દેહ આપણી માલિકીનો નથી, દિવાળી દેહલક્ષી બનીને ઉજવવાની નથી. સાચા શ્રાવકે, સાધુસંતોએ આત્મલક્ષી બનીને માત્ર આત્મામાં જ રમવાનું છે.

પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્તિ અને આત્માનુભવ માટે વર્ષો સુધી સાધના કરી, ત્યારે ઇચ્છિત મળ્યું છે. સાધના વગર સિદ્ધિ નથી. પ્રચંડ પુરુષાર્થ સ્વસ્વરૂપ, સ્વભાવ સુધી લઇ જઇ શકે. જીવનની મંજિલ--આખરી ધ્યેય આત્માની પહેચાન, દર્શન, તેના વિશિષ્ટ લક્ષણોને જાણવા, તેમાં રહેલી છે. આ પરમ પવિત્ર પાવન પર્વ જનસમૂહને જે રીતે ઉજવવું હોય તે રીતે ઉજવે. આપણે તો આત્માને નિર્મળ, નિષ્પાપ, નિષ્કર્મ, કરીને ઉજવવાનું છે. મહાવીર સ્વામીએ આત્મધર્મ સમજાવ્યો છે. તેમણે ગુરુ ગૌતમને કહેલું, "ગૌતમ અનાસક્ત થા, બધા સંબંધો તોડી નાખ. ભીતરી દુનિયામાં તું દેખ. ત્યાં કોઇ ગુરુ નથી, કોઇ શિષ્ય નથી. દેહ કરતાં આત્માને વધુ મહત્ત્વ આપ. સાધના સ્નેહ કરતાં ચડિયાતી છે. પ્રમાદને સેવતો નહીં." પ્રભુનો આ બોધ પ્રત્યેક સાધકે, આરાધકે ધ્યાનમાં લેવાનો છે.

દિવાળી સંબંધોને વધારનારી છે. આનાથી થતાં રાગદ્વેષ, મોહ આત્માને કર્મોથી બાંધે છે. આ દિવસોમાં તો દૂર દૂરના પરિચિતોને પણ યાદ કરીને આપણે નૂતન વર્ષની સલામ ભરીએ છીએ. ભગવાન સંબંધોને સમૂળગા છોડી દેવાનું કહે છે. મનમાં ઘુમરાતા સંબંધો આત્મા સાથે કોઈ નાતો જોડતા નથી. સંબંધો ક્ષણજીવી છે. આખરે તે સર્વ છૂટી જવાના છે. તેથી વ્યવહારથી ભલે તેને નિભાવીએ, પણ દિલથી તેમાં પરોવાઈ ન જઇએ. અનાસક્ત, નીરાગી, નિર્મોહી રહીએ. જે જે છોડવાનું છે, છૂટી જવાનું છે તેને ક્રમશઃ છોડતા જઇએ અને હળવા રહીએ. નાશવંતને છોડીને શાશ્વતને વળગીએ. તેમાં તાદાત્મ્ય સાધીએ.

"જે દેખાય છે તેને માન્યું મારું, મનમાંહી કેટલું ગાઢું અંધારું,
જાણનારો જોનારો દેહ મહીં છે, તેનું સ્થાન છે દેહમાં ન્યારું"

પ્રભુ ભીતરી દુનિયાને દેખવાનું કહે છે. ત્યાં આત્માનો અપાર વૈભવ, ઐશ્વર્ય પહેલા છે. તેમાં એકરસ, એકરૂપ થવાનું છે. ત્યાં આત્માના અનંત ગુણોનો નિધિ છે. આત્મા સ્વપર પ્રકાશક છે, ત્યાં જ પ્રકાશનો ખજાનો છે.

"આંતરદીપ પ્રગટાવો અંતરમાંહી,
દૈવી સંપત્તિ નિરખવાની છે ત્યાંહી,
સાધક, આરાધક, માત્ર મોક્ષના રાહી,
દેહ નહીં પણ આત્માને લ્યો સાહી."

મોક્ષપ્રાપ્તિના ઇચ્છુકે અંતરમાં જ્ઞાનદર્શન ચારિત્ર-રત્નત્રયનો દીપ પ્રગટાવવાનો છે. ત્યાં રહેલી અખૂટ, અતૂટ, અનંત દૈવી સંપત્તિ નિહાળવાની છે. તેથી દેહની પળોજણથી પરવારીને આત્મા જે આ દુર્લભ મનુષ્યભવમાં પામવાનો છે તેના માટે જ સાધના કરવાની છે.

"અંતરમાં નજરું કરો, દિવ્યતા દેખો, આંતરચક્ષુ ખોલો,
ધ્યાન લગાવી ચિંતન મનન, કરી, પ્રભુના વચનો બોલો,
આત્માની અનુભૂતિ કરી, પ્રેમાનંદે, સુખ સહ ડોલો,
આત્માનો અનુભવ-રસ આસ્વાદો, અંતરમાંહી તેને ઘોળો."

ભીતરી દુનિયામાં દેહાતીત દશામાં માત્ર આત્મા સાથે જ સંબંધ છે, સાયુજ્ય છે. ત્યાં ગુરુ-શિષ્ય જેવા કોઈ સંબંધો નથી. આત્મા તો એકાકી, અસંગ, અનન્ય, અદ્વિતીય, અવિનાશી છે. દેહ સાથે જોડાયેલો છતાં એકલો જ છે. ઘડો માટી, કુંભાર, સાધનસામગ્રીથી બનેલો સાંયોગિક પદાર્થ છે પણ આત્મા તો અસંયોગી છે તેથી તેનો કદી અંત આવતો નથી. તેથી દેહ કરતાં આત્મા ચડિયાતો છે. જે સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમ, અજરામર છે. તેને જ સંપૂર્ણ ચાહો. સાધનાથી જ, તેના સાતત્યથી જ આત્મપ્રાપ્તિ થઇ શકવાની છે. તેથી દુન્યવી સ્નેહ સંબંધોને મનમાંથી વિદાય આપો. તેને મમત્વ-મારાપણાનું જળ સિંચીને પૃષ્ટ ન કરો, પણ નિર્મૂળ કરતાં જાઓ.

સદ્ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્રએ પણ કહ્યું છે કે, "અમે દેહના બગીચાને સૂકવીને આત્માના બગીચાને લીલોછમ રાખ્યો છે." તપ, ત્યાગ, સંયમ, અણાહાર, નિર્વિષયતાથી દેહને કૃશ કરશું તો કર્મો પણ નિર્જરીને કૃશતાને પામશે અને આત્માનું તેજ

**(અનુસંધાન પાના નં. ૩૫ પર)**

# મુમુક્ષુઓનો અંતરનાદ

**મુમુક્ષુ બહેન**

આ વિશ્વની એક અલૌકિક, અજોડ, વિરલ, તૃપ્તાનંદ, પ્રત્યક્ષસ્વસંવેદનીય, આત્માનંદનીય, સ્વરૂપાભિમુખ, આત્મસુખાસ્વાદીય એવા ગુરુદેવશ્રી (પૂજ્ય આત્માનંદજી)ની પુણ્યતિથિએ તેઓશ્રીના શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

આજે શ્રી ગુરુદેવશ્રીની ચિરવિદાયના ત્રણ વર્ષના વ્હાણા વાઇ ગયા. તેઓશ્રી એક તેજસ્વી ચમકતા સિતારાની જેમ કળિયુગમાં ઘણું ચમક્યા અને મુમુક્ષુના હૃદયમાં એક અમીટ, અસીમ અને અમાપ પ્રકાશ છોડતા ગયા. શ્રી ગુરુદેવના સથવારે સ્વર્ગ જાણે આ ધરા પર ઉતર્યું હતું. પરંતુ આજે તેમના વિયોગે અંતરવલોણા અને ઝૂરણાનો નરકસમો વાયરો વાય છે. આ કળિકાળમાં ચોથાઆરાનું સુખ પ્રવર્તાવતા એવા શ્રીગુરુદેવવિહોણી કોબા તીર્થની ભૂમિના કાંકરે-કાંકરે, મોરના ટહુકે-ટહુકે, પવનના ઝોંકે-ઝોંકે અને મુમુક્ષુના હોઠે-હોઠે શ્રી આત્માનંદજીના નામની ઘંટડી વાગે છે.

શ્રી ગુરુદેવના અમી અને વીતરાગતા વરસતાં નયનો નિહાળવા વલખા મારતું અમ મુમુક્ષુનું હૈયું, તેમની પ્રાણપ્રતિષ્ઠાના પ્રતીકરૂપ તેમની મૂર્તિના દર્શન કરી તૃપ્તિનો અનુભવ કરે છે. કોબા આશ્રમે (તીર્થક્ષેત્રે) પ્રભુના મંદિરે, કૃપાળુદેવના મંદિરે કે સ્વાધ્યાયહૉલમાં ધ્યાન કરતાં શ્રી ગુરુદેવના પગલાંની આહટ સંભળાય છે. પ્રભુ મહાવીરના વિરહમાં ગણધરોમાં શ્રેષ્ઠ એવા ગૌતમસ્વામી પ્રભુની પદવીને વર્યા અને સિદ્ધાલય ગમન કરી તેમનો જન્મોજન્મનો સથવારો સાધ્યો, તેમ ગુરુદેવ આપશ્રીના વિરહમાં અમ મુમુક્ષુઓની આપ પ્રત્યેની ભક્તિ, સમર્પણતા અને ૠણ ચૂકવવાની ગતિમાં પૂરપાટ વેગથી આગળ વધીએ.

પાંચ સમવાય કારણમાં આપશ્રીએ દરેક જ્ઞાનીધર્માત્માની વાતને સાખ પૂરતા 'પુરુષાર્થ' ઉપર જ જોર આપ્યું છે. જો અમારો પુરુષાર્થ આપના નિર્દિષ્ટ કરેલાં માર્ગ પ્રત્યે ઉપડશે તો નિયતિ (ભવિતવ્યતા), કાળ, કર્મ અને સ્વભાવ બધા એકબીજાને સહજરૂપે પૂરક બનશે. શ્રી સદ્‌ગુરુદેવે ઉત્પન્ન કરેલી તત્ત્વ પ્રત્યેની રુચિ અને તત્ત્વમાં તન્મયપણાની ભાવના સ્ફૂરાયમાન થતાં જ મોહનીય કર્મને અંતઃક્રોડાક્રોડી પ્રમાણ થવું જ પડશે, જેનો સર્વ શ્રેય આપે જ લેવો પડશે.

આપશ્રીએ આપના સમગ્ર જીવન દ્વારા જે પરમ પરાક્રમયુક્ત પુરુષાર્થની સાર્થકતા કરી તેની લ્હાણી અનેક મુમુક્ષુઓને સમ્યક્ વાણી દ્વારા કરી. તે ઝીલવાની તાકાત પેદા કરી, અમો સ્વયંમાં ઉપાદાન કારણને પ્રસ્ફુટિત કરી, સમ્યક્ પુરુષાર્થમાં અમો અમારું વીર્ય ફોરવીએ એવી કૃપાપ્રસાદી બક્ષો. આપશ્રીના વિરહનો આતાપ સમ્યક્ જલરૂપી શીતળતામાં પરિવર્તિત કરો એવો અમ મુમુક્ષુઓનો અંતરનાદ છે. હે સમ્યક્ત્વને ધારણ કરનાર દેવલોક નિવાસી ગુરુવર! અમ બાળજીવો પર નજર કરો તથા રત્નત્રયરૂપી મોરપીંછની છડી દેવલોકમાંથી અમ પર ફેરવો. અમોએ (કોબા તીર્થવાસીઓએ) ભાવથી આપની પ્રતિકૃતિરૂપ મૂર્તિ કે જે આપની પ્રત્યક્ષતા દર્શાવે છે, તેમાં અમોએ ભક્તિરૂપી પ્રાણ પૂરી આપને સજીવન કર્યા છે. અમ મુમુક્ષુઓએ એવી અમૃતસંજીવની આપને પીવડાવી છે, જે થકી આપશ્રી મુમુક્ષુના હૃદયમાં ભવોભવ જીવિત રહેશો.

'ગુરુદેવ તારા ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં

**આપશ્રીની દાસાનુદાસ...**

પ્રભાવના એક સમ્યગ્દર્શનનું મહત્ત્વનું લક્ષણ છે. પૂજ્યશ્રી આત્માનંદજીએ યુ.કે., યુ.એસ.એ., કેનેડા વગેરે વિદેશોની ધર્મયાત્રા દ્વારા ત્યાંના મુમુક્ષુ ભાઈ-બહેનોમાં ધર્મજાગૃતિ લાવવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું હતું. આ ઉપક્રમને જાળવી રાખી, વીતરાગધર્મની પ્રભાવના થાય અને વિદેશમાં વસતા મુમુક્ષુ ભાઈ-બહેનોનો સંસ્થા સાથે સંપર્ક બની રહે તેવા આશયથી બા.બ્ર.આદ. શ્રી સુરેશજીની યુ.કે.ની ધર્મયાત્રાનું સંસ્થા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ ધર્મયાત્રામાં તેઓશ્રીની સાથે શ્રી કિંતનભાઈ તથા નિષ્માબેન મણિયાર (મુંબઈ), શ્રી જિતેશભાઈ તથા દીપાબેન પારેખ (ચેન્નઈ) પણ જોડાયા હતા. વિદેશયાત્રા પૂર્વે કોબાના મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવસભર શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી સંજયભાઈ ખન્ના સુરેશજીને ઍરપોર્ટ પર મૂકવા ગયા હતા. મુંબઈ ઍરપોર્ટ પર શ્રી મહેન્દ્રભાઈ વોરા પરિવાર, શ્રી રૂપેશભાઈ સામાણી પરિવાર, શ્રી શરદભાઈ ડેલીવાળા પરિવાર, શ્રી વિરાગભાઈ મણિયાર વગેરે મુમુક્ષુઓએ આદ. સુરેશજીનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

**૩૦ જુલાઈ, રવિવાર**

લંડનના સમય પ્રમાણે રાત્રે ૮.૫૦ વાગ્યે હિથ્રો ઍરપોર્ટ પર આદ. શ્રુતિબેન તથા આદ. શૈલેષભાઈ દ્વારા કોબા સંઘનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. રાત્રે ૧૦.૦૦ વાગ્યે સૌ. આદ. શ્રુતિબેન શૈલેષભાઈ માલદેના નિવાસસ્થાને પહોંચ્યા. આદ. મુમુક્ષુવર્ય મુરબ્બી શ્રી જયંતિભાઈ તથા શ્રી પુષ્પાબેને તિલક સાથે સૌનું હાર્દિક સ્વાગત કર્યું.

**૩૧ જુલાઈ, સોમવાર**

સવારે યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાનના અભ્યાસ બાદ આદ.શ્રી સુરેશજીએ ભાવસભર ભક્તિપદો દ્વારા સૌને પ્રભુ-ગુરુમાં તન્મય કર્યા હતા. શ્રી શ્રુતિબેન માલદેના નિવાસસ્થાને સ્વાગત પ્રવચન બાદ ગુરુભક્તિના પદો લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આદ. શ્રી ભૈયાજીએ 'જ્ઞાનીના ચાર લક્ષણો' વિષય પર મનનીય સ્વાધ્યાય આપ્યો હતો; જેમાં તેઓશ્રીએ જ્ઞાનીના શાંતિ, સહજતા, પ્રસન્નતા અને ગંભીરતા - આ ચાર લક્ષણોનું વિશદ વર્ણન કર્યું હતું. આ પ્રસંગે આદ. જયંતિભાઈ તથા પુષ્પાબેન શાહ, શ્રી અલ્તાફભાઈ તથા જ્યોત્સનાબેન સામજી, શ્રી પ્રકાશભાઈ પતાલિયા, શ્રી જ્યોત્સનાબેન શાહ, શ્રી તૃષિતબેન શાહ, શ્રી સ્મિતાબેન શાહ વગેરે અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

**૧ ઓગસ્ટ, મંગળવાર**

આદ. જયંતિભાઈ તથા પુષ્પાબેનના નિવાસસ્થાને સવારે દેવ-શાસ્ત્ર-ગુરુની ભાવવાહી પૂજા કરવામાં આવી. શાંત સ્વભાવ, ઉદારતા, ગાંભીર્ય, વિનય, વિવેક જેવા અનેક સદ્ગુણોથી સુશોભિત આદ. જયંતિભાઈ તથા પુષ્પાબેનનો ધર્મોત્સાહ અને વાત્સલ્યભાવ ખરે જ સરાહનીય છે. બપોરે શ્રી ભૈયાજીએ પરમકૃપાળુદેવ વિરચિત 'બિના નયન પાવે નહિ' પદ પર માર્મિક સ્વાધ્યાય આપ્યો હતો. જોગાનુજોગ આ દિવસે સેવાભાવી મુમુક્ષુ શ્રી કિંતનભાઈ મણિયારનો જન્મદિન હોવાથી સૌએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. રાત્રે સૌ શ્રુતિબેનના નિવાસસ્થાને પરત ફર્યા.

**૨ ઓગસ્ટ, બુધવાર**

સવારે શ્રી વર્ષાબેન કિરણભાઈ પટેલ નામના ભારતીય સજ્જનના હાર્દિક નિમંત્રણને માન આપી સૌ તેઓના નિવાસસ્થાને ગયા. તેઓશ્રીને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ખૂબ આદરભાવ છે. તેઓશ્રીએ સંસ્થાને ૧૫ પાઉન્ડનું દાન આપ્યું.

ત્યારબાદ સવારે ૧૧.૧૫ વાગ્યે ભૈયાજીએ શ્રી વચનામૃતજી આધારિત મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. આદ. શ્રુતિબેન તથા આદ. શૈલેષભાઈના નિવાસસ્થાને પ્રભુ - ગુરુના ચિત્રપટની ધર્મોલ્લાસમય

વાતાવરણમાં સ્થાપના કરવામાં આવી. શ્રી ઓશવાલ એસોસિએશન તરફથી આદ. શૈલેશભાઈ શાહની આદ. શ્રી ભૈયાજી સાથે ધર્મચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**૩ ઓગસ્ટ, ગુરુવાર**

સવારે આદ. અનિલભાઈ શાહ (કાર્યકર્તા) સાથે શ્રી ભૈયાજી લેસ્ટર (હિન્દુ સ્વયંસેવક સંઘ) ગયા. ત્યાં સંઘપ્રચારક આદ. શ્રી ચંદ્રકાંતજી સાથે મુલાકાત થઈ. શ્રી ચંદ્રકાંતજી હાલમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ભાગરૂપે યુ.એસ.એ., યુરોપ, આફ્રિકાના મુખ્ય પ્રચારક છે. તેઓશ્રી છેલ્લા ૧૨ વર્ષોથી વિદેશોમાં ભારતીય સંસ્કૃતિના પ્રચાર - પ્રસારનું મહાન કાર્ય કરી રહ્યા છે. તેઓશ્રીએ અવિવાહિત રહીને દેશસેવા માટે જીવન સમર્પિત કર્યું છે. યુ.કે.ની ધર્મયાત્રા દરમિયાન તેઓશ્રીનો પ્રશંસનીય સહયોગ સંપ્રાપ્ત થયો હતો; જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે. આદ. શ્રી ભૈયાજીએ 'અપરિગ્રહ' વિશે સુંદર સ્વાધ્યાય આપ્યો; જેમાં તેઓશ્રીએ આવશ્યકતા, સુવિધા અને વિલાસિતા પર પ્રકાશ પાડ્યો હતો. લગભગ ૪૫૦ જેટલા યુવા ભાઈ-બહેનો આ કાર્યક્રમમાં જોડાયા હતા.

**૪ ઓગસ્ટ, શુક્રવાર**

સવારે યોગ, પ્રાણાયામ અને ધ્યાનના અભ્યાસ બાદ ભક્તિપદો લેવામાં આવ્યા અને તેના આધારે ધર્મચર્ચા થઈ. બપોરે ૩.૦૦ વાગ્યે આદ. શ્રી ભૈયાજીએ 'હું અને મારું' વિષયના આધારે હળવી શૈલીમાં, સરળ છતાં સચોટ, જ્ઞાન સાથે ગમ્મતયુક્ત સ્વાધ્યાય આપ્યો. Zoom પર કોબા આશ્રમના ઘણા મુમુક્ષુ ભાઈ-બહેનો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમ બાદ સંસ્થાના પ્રકાશનોની પ્રભાવના કરવામાં આવી.

**૫ ઓગસ્ટ, શનિવાર**

સવારે ઓસવાલ એસોસિએશન હેરીસ એકેડમીમાં સૌનું આગમન થયું. Religious chair ના આદ. ધીરુભાઈ શાહ દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું. આદ. શ્રુતિબેને આદ. શ્રી ભૈયાજી તથા સાથે આવેલ મુમુક્ષુઓનો પરિચય આપ્યો. શ્રી જિતેશભાઈએ કોબા સંચાલિત ગુરુકુળ વિશે સુંદર માહિતી આપી અને સાથે સાથે ગુરુકુળની વીડિયો ક્લીપ દર્શાવવામાં આવી.

આદ. એમા સોલ્ટર Hudders Gield University માં સિનિયર લેક્ચરર છે. તેઓ સને ૨૦૦૦ ની સાલમાં 'શ્રીમદ્ રાજચંદ્રજીને સમર્પિત સાધકોની ચર્યા' વિષયક Ph.d. માટે માહિતી લેવા માટે કોબા આશ્રમમાં પધાર્યા હતા. તેઓશ્રીએ કોબા આશ્રમના શાંત અને ધાર્મિક વાતાવરણમાં શું પ્રાપ્ત કર્યું તેની સાથે પૂ. સાહેબજી સાથેની નિકટતા તથા શ્રી જ્યંતિદાદા અને શ્રી પુષ્પાબા જેવા મુમુક્ષુઓ સાથેના ઘનિષ્ઠ સંબંધો વિશે વાતો કરી. તેઓશ્રીએ શ્રી નીતિનભાઈ મહેતા, આદ. શ્રી નેમુભાઈ ચંદેરિયા (I.O.S.) અને વિનોદભાઈ કપાસી (મહાવીર ફાઉન્ડેશન) સને ૨૦૨૩ માં કોબા આશ્રમમાં પધાર્યા હતા ત્યારે આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી સાથે થયેલ તેઓની મુલાકાતના સંસ્મરણો વાગોળ્યા હતા. આદ. શ્રી ભૈયાજીએ 'ગુરુકુળ પરંપરા અને ભણતર સાથે જીવનનું ઘડતર' વિષય પર મનનીય સ્વાધ્યાય આપ્યો હતો. બપોરે 'ધર્મ એટલે શું?' વિષય અંતર્ગત જીવની માન્યતા, ધર્મક્રિયા અને સ્વભાવ વગેરે બાબતો પર ભાર મૂક્યો હતો. અહીં સંસ્થાના પ્રકાશનોની પ્રભાવના કરવામાં આવી હતી. ત્યાંથી મુમુક્ષુ શ્રી કેતનભાઈ પતીરાનાના ઘરે પગલા પાડ્યા હતા. તેઓ સરળ સ્વભાવી અને ધાર્મિક વૃત્તિના છે. તેઓનો સમગ્ર પરિવાર પણ ધાર્મિક છે.

**૬ ઓગસ્ટ, રવિવાર**

સવારે યોગ-પ્રાણાયમ અને ધ્યાનના અભ્યાસ બાદ સવારે ૧૧.૦૦ વાગ્યે યુટ્યુબ પર OAUK દ્વારા સુરેશજીના સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાધ્યાયનો વિષય હતો - 'હું કોણ છું?' લગભગ ૧૫૦૦ જેટલા લોકોએ સ્વાધ્યાયનો લાભ લીધો હતો.

**૭ ઓગસ્ટ, સોમવાર**

આ દિવસે આદ. સુરેશજીના જન્મદિવસે ધર્મોલ્લાસપૂર્વક સૌએ અંતરની શુભેચ્છાઓ પાઠવી

હતી. સવારે બીસ્ટર શોપીંગ વિલેજ જોઈને સૌ ઓક્સફર્ડ ગયા. ત્યાં કિબલ કૉલેજ અને અન્ય ઓક્સફર્ડની કૉલેજો જોઇ. અહીં શ્રી શ્રુતિબેન અને શૈલેશભાઈના સુપુત્ર શ્રી નીરવભાઈએ અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ એક ચર્ચ (કેથેડ્રલ)ની મુલાકાત લીધી. ત્યાં સૌ મુમુક્ષુઓએ 'ભાવના દિન રાત મેરી...' ભક્તિપદ લીધું. સાંજે શ્રી જયંતિદાદાના નિવાસસ્થાને ભોજન ભાદ આરતી કરવામાં આવી. શ્રુતિબેનના ઘરે સૌ પરત ફર્યા.

**૮ ઓગસ્ટ, મંગળવાર**

સવારે યોગ-પ્રાણાયામ અને ધ્યાનના અભ્યાસ બાદ આદ. શ્રી ભૈયાજીએ ભાવવાહી ભક્તિપદો ગાયા; જેથી સૌના ભાવ ઉલ્લસિત થયા. બપોરે આદ. જ્યોત્સનાબેન શાહના નિવાસસ્થાને ભક્તિ અને સ્વાધ્યાયનો કાર્યક્રમ યોજાયો હતો. 'તે ગુરુ મેરે મન બસો' ભક્તિપદના આધારે સ્વાધ્યાય થયો. સાંજના ભોજન બાદ જ્યોત્સનાબેનના નિવાસ-સ્થાને પ્રભુ-ગુરુના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી. સાંજે આદ. શ્રી અનિલભાઈ હિન્દુ સ્વયંસેવક સંઘ (H.S.S.) ની મીટીંગ માટે શ્રી ભૈયાજીને લેવા માટે આવ્યા હતા. આદ. ભૈયાજીએ ભારતીય સંસ્કૃતિ અને વીતરાગ માર્ગનો સમન્વય કરીને સૌને ભાવવાહી સત્સંગ કરાવ્યો હતો.

**૯ ઓગસ્ટ, બુધવાર**

સવારે ધ્યાન અને ભક્તિના કાર્યક્રમો યોજાયા હતા. બપોરે આદ. શ્રી ભરતભાઈ બાવીસીના નિવાસસ્થાને ભક્તિ અને સ્વાધ્યાયના કાર્યક્રમો યોજાયા. ભોજન બાદ પોર્ટસબાર દેરાસરની મુલાકાત લીધી. ત્યાં શ્રી મહાવીર ભગવાનના ત્રણ ભાવવાહી સ્તવનો ગાયા. પોર્ટસબાર દેરાસર લંડનનું સુંદર અને મોટું દેરાસર છે. એકાંત અને રમણીય સ્થાને આવેલા આ દેરાસરમાં પૂજા-ઉપાસના અને નિવાસની સુંદર વ્યવસ્થા છે.

ઓશવાલ એસોસિએસનના શ્રી સંદીપભાઈ અને શ્રી જયેશભાઈ દ્વારા સુંદર આવકાર મળ્યો. આદ. શ્રી ભૈયાજીના નિયમિત સ્વાધ્યાય કેવી રીતે કરવા તે અંગે તેઓશ્રીએ ચર્ચા કરી. ત્યારબાદ શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના લંડન સેન્ટરની મુલાકાત લીધી. ત્યા શ્રી અશ્વિનભાઈ આદિ મુમુક્ષુઓ દ્વારા સૌને સુંદર આવકાર મળ્યો. સેન્ટરના દર્શન બાદ સુરેશજીએ 'ગુરુના ભક્તો અને તેમની ભક્તિ' વિષય પર સુંદર સ્વાધ્યાય આપ્યો. સાંજના ભોજન બાદ શ્રી ભૈયાજી ચંદ્રકાંતજી સાથે રવાના થયા. H.S.S. હેડક્વાટર્સમાં તેઓનું રોકાણ હતું.

**૧૦ ઓગસ્ટ, ગુરુવાર**

સવારે BAPS ના મંદિરની મુલાકાત લીધી. સ્વામિનારાયણના સંતોએ સૌને સારો આવકાર આપ્યો. સાંજે જયંતિદાદાને ત્યાં ભોજન બાદ સૌએ ભાવવાહી ભક્તિ કરી.

**૧૧ ઓગસ્ટ, શુક્રવાર**

સવારે શ્રુતિબેનના નિવાસસ્થાને ભાવપૂજા અને ભોજન બાદ આદ. તૃષિતબેન વિનયભાઈ શાહના નિવાસસ્થાને પ્રભુ-ગુરુના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી. સાંજના ભોજન બાદ આદ. સુરેશજીએ 'ભક્તિ કરવી હોય તેણે...' ગંગાસતીના પદ આધારિત સ્વાધ્યાય આપ્યો. ત્યારબાદ શ્રી નીતિનભાઈ મહેતાને ત્યાં ભક્તિ અને પ્રાસંગિક ઉદ્બોધનનો કાર્યક્રમ યોજાયો.

**૧૨ ઓગસ્ટ, શનિવાર**

બપોરે શ્રુતિબેનને ત્યાં ભોજન બાદ આદ. જ્યોત્સનાબેન અલ્તાફભાઈ સામજીના નિવાસસ્થાને ભક્તિ અને સ્વાધ્યાયનો કાર્યક્રમ યોજાયો હતો. સ્વાધ્યાયનો વિષય હતો - પરમકૃપાળુદેવ વિરચિત 'અંતિમ સંદેશ'. અહીં પ્રભુ-ગુરુના ચિત્રપટની સ્થાપના ભાવોલ્લાસપૂર્વક કરવામાં આવી.

**૧૩ ઓગસ્ટ, રવિવાર**

સવારે ૧૦.૦૦ વાગ્યે કેન્ટોન દેરાસરમાં દર્શન અને ભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો. કેન્ટોન દેરાસર નોર્થ લંડનનું ખૂબ પ્રસિદ્ધ દેરાસર છે. ત્યાંના ટ્રસ્ટીઓ શ્રી મુકેશભાઈ અને શ્રી નીરજભાઈએ સૌને પ્રેમસભર આવકાર આપ્યો. આ બન્ને મહાનુભાવો જૈન સંગઠન માટે પ્રશંસનીય કાર્ય કરે છે. લંડનના જૈન સંઘના ઘણા ટ્રસ્ટીઓ, આદ. શ્રી નેમુભાઈ ચંદેરિયા, આદ. શ્રી જયસુખભાઈ મહેતા વગેરે

સહિત ૧૨૫ જેટલા લોકો અત્રે ઉપસ્થિત રહ્યા હતા. સંઘપ્રચારક શ્રી ચંદ્રકાંતજીએ સુંદર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

શ્રી મહાવીર ફાઉન્ડેશન અને શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ દ્વારા આદ. શ્રી ભૈયાજીના સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં વીતરાગમાર્ગની સંક્ષિપ્તમાં ઝાંખી કરાવવામાં આવી હતી. લોકોનો ખૂબ સુંદર પ્રતિસાદ સાંપડ્યો.

ત્યારબાદ આદ. શ્રી પ્રવીણભાઈ મહેતાને ત્યાં મુલાકાત લીધી. સુરેશજીએ 'મીઠો મીઠો બોલ...' પદ સંભળાવ્યું. આદ. શ્રી જયસુખભાઈ (રાજ સોભાગ આશ્રમ, સાયલા) તથા આદ. શ્રી નેમુભાઈ ચંદેરિયાના નિવાસસ્થાને મુલાકાત લીધી. ત્યારબાદ આદ. ઊર્મિલાબેન હર્ષદભાઈ સંઘરાજકાને નિવાસસ્થાને ભક્તિ, સ્વાધ્યાય અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમો યોજાયા. રાત્રે શ્રુતિબેનના ઘરે પરત ફર્યા.

**૧૪ ઓગસ્ટ, સોમવાર**

સવારે ધ્યાન અને ભક્તિ બાદ શ્રી શ્રુતિબેન અને શ્રી શૈલેશભાઈ દ્વારા સમગ્ર યાત્રાની સમીક્ષા તેમજ વાત્સલ્ય પ્રભાવના કરવામાં આવી. લંડનના મુમુક્ષુઓ આદ. જયંતિદાદા, આદ. પુષ્પાબા, આદ. જ્યોત્સનાબેન તથા અલ્તાફભાઈ સામજી, આદ. તૃષિતબેન વિનયભાઈ શાહ, શ્રી ભરતભાઈ બાવીસી, આદ. જ્યોત્સનાબેન શાહે સૌને ભાવભીની વિદાય આપી. લંડન સ્થિત સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોનો પ્રેમપરિશ્રમ અને વાત્સલ્ય ખૂબજ પ્રશંસનીય અને અનુમોદનીય રહ્યા. શ્રી કિંતનભાઈ તથા નિષ્માબેન મણિયાર, શ્રી જિતેશભાઈ તથા દીપાબેન પારેખના ધર્મયાત્રા દરમિયાન આપેલ સાથ-સહકાર અવિસ્મરણીય બની રહ્યા. પૂજ્યશ્રીના યોગબળ, પૂજ્ય બહેનશ્રીના શુભાશીર્વાદ તથા કોબા પરિવારના વાત્સલ્યભાવથી ધર્મયાત્રા નિર્વિઘ્ને સંપન્ન થઈ.

## યુ.કે.ના મુમુક્ષુઓના પ્રતિભાવો

(૧) વર્ષો પહેલાં આદ. શ્રી મણિભાઈ શાહે કહ્યું હતું કે પૂજ્યશ્રી આત્માનંદજીની જન્મકુંડળી જોતાં તેમનું આયુષ્ય લાંબુ અને યશકીર્તિનો ઉદય દેખાય છે. આ હકીકત આપણે સૌ અનુભવી રહ્યા છે. ઈ.સ. ૨૦૦૭માં કોઈ પૂર્વના ઋણાનુબંધે શ્રી સુરેશજીએ સાહેબજીને નિષ્ઠાપૂર્વક પોતાનું જીવન સમર્પિત કરી દીધું અને પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં મૌનપૂર્વક એકાંત સાધના કરીને આત્મશુદ્ધિ કરી. શ્રી સુરેશજી અને તેમની સાથે આવેલા મુમુક્ષુઓ અહીં બે અઠવાડિયા રહ્યા અને ધર્મપ્રભાવના સાનંદ સંપન્ન થઈ તેનો અમને ખૂબ આનંદ છે. પૂજ્ય સાહેબજીના અગાઉના વર્ષોમાં થયેલી અહીંની ધર્મયાત્રામાં અહીંના મુમુક્ષુઓને જે ધર્મલાભ મળતો અને આનંદ આવતો તેવો જ ઉલ્લાસભાવ અમને નવી પેઢીમાં જોવા મળે છે. વિદેશમાં આવી યાત્રાઓ ફરી થશે એવી આશા સાથે.

**- જયંતિભાઈ વી. શાહ**

(૨) મહત્‌ પુણ્યયોગે પૂજ્ય ગુરુદેવ શ્રી આત્માનંદજીનાં સમાગમનો અમને અપૂર્વ લાભ મળ્યો છે. પૂજ્ય બહેનશ્રીનો પણ અમને સત્સંગ પ્રાપ્ત થયો છે તે બહુ સ્મરણમાં આવે છે. આદ. ભૈયાજીની લંડનની ધર્મયાત્રાનું અમારા પુણ્યયોગે આયોજન થયું. તેઓશ્રીએ અંતરના ઉલ્લાસભાવે ધર્મપ્રભાવના કરી સૌને આત્મભાવનામાં તરબોળ કરી દીધા. ધર્મયાત્રા ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ. ધર્મયાત્રામાં સહયોગ આપનારા સૌની અનુમોદના કરું છું. અહીંના જિજ્ઞાસુઓ માટે ફરી આવી ધર્મયાત્રાનું આયોજન થાય અને સૌ આત્મકલ્યાણને પામે તેવી ભાવના.

**- પુષ્પાબેન જયંતિભાઈ શાહ**

(૩) મને અને શૈલેશભાઈને ખૂબ આનંદ છે કે બે અઠવાડિયા માટે આદ. સુરેશજીની સેવાનો લાભ મળ્યો. આ સમય દરમિયાન અમને અમારું ઘર આધ્યાત્મિક શક્તિથી ભરાઈ ગયું હોય તેવું લાગતું હતું. અમને સુરેશજી સાથે તત્ત્વચર્ચા કરવાની સુંદર તક મળી. હું જ્યારે ઓક્ટો-૨૦૨૨માં કોબા આવી હતી ત્યારે સુરેશજીને યુ.કે. પધારીને સૌને અધ્યાત્મનો લાભ આપવા વિનંતી કરી હતી. પૂજ્યશ્રીની કૃપા તથા પૂજ્ય બહેનશ્રીના આશીર્વાદથી આદ. સુરેશજીની પહેલી વિદેશયાત્રા સફળ રહી.

સુરેશજીના સ્વાધ્યાય ખૂબ સુંદર અને સર્વગ્રાહી હતા. યુ.કે.ના લોકોને પહેલીવાર તેમનો પરિચય થયો અને તેઓ પ્રભાવિત થયા. સાહેબજીએ આપેલી દૃષ્ટિ અને વિદેશયાત્રાના વારસાને તેઓએ પ્રકાશિત રાખ્યો છે.

**- શ્રુતિબેન માલદે**

(૪) આદ. સુરેશજીના પાવન પગલાં અમારે ત્યાં થયા તેનો અમને આનંદ છે. તેઓશ્રીએ સરળ શૈલીમાં સ્વાધ્યાય આપ્યા અને સ્તવનોનું ગાન કરીને અમને ભક્તિરસમાં તરબોળ કરી દીધા. શ્રી રાજેનભાઈએ ભક્તિગીતો ગાવાનો અને આદ. સુરેશજી સાથે દેરાસરોમાં જવાનો અનેરો લહાવો લીધો. આ ધન્ય પળો અમે ક્યારેય વિસરી શકીશું નહિ. ફરી પધારવા કૃપા કરશો.

**- ભરતભાઈ બાવીસી પરિવાર**

(૫) વ્યક્તિગત રીતે અને વિશેષ આદ. સુરેશજી સાથે સત્સમાગમનો લાભ મળ્યો. તેઓશ્રીએ આપેલા સ્વાધ્યાય અને ભક્તિ અમૂલ્ય હતા. કોબાના સાધકોને મળવાની તક મળી.

**- તૃષિતબેન**

(૬) આદ. સુરેશજીની સમજાવવાની શૈલી સુંદર છે. બાળકોને બાળકોની શૈલીથી અને મોટાઓને તેમની શૈલીથી સમજાવી શકે છે. અમારા બાળકોને સરળતા અને સમજપૂર્વક પૂજ્ય સાહેબજીનું સૂત્ર શીખવાડી દીધું. તેઓની 'Petrol reserve' ની વાત મનમાં બેસી ગઈ છે.

**- જ્યોત્સનાબેન શાહ**

(૭) અમે યુ.કે. માં આદ. શ્રી ભૈયાજીની ધર્મયાત્રા વિશે સાંભળીને ખૂબ ઉત્સાહિત હતા. શ્રી ભૈયાજીનો નિર્ધારિત કાર્યક્રમ સઘન હતો અને તેમ છતાં તેઓના પ્રવચનો અસરકારક રહ્યા અને અહીંની જૈન સંસ્થાઓ પર સારો પ્રભાવ પાડ્યો. અહીં નાના-મોટા સૌને ભૈયાજીએ ધર્મની લગની લગાવી છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે કોબા આશ્રમ પૂજ્ય બહેનશ્રી અને આદ. શ્રી ભૈયાજીના માર્ગદર્શન અને નિઃસ્વાર્થ સેવા હેઠળ ખૂબ પ્રગતિ કરે.

**- અલતાફભાઈ તથા જ્યોત્સનાબેન સામજી**

## આંતરદીપ પ્રગટાવો ...

**પાના નં. ૨૯ પરથી ચાલુ...**

દેખાશે.

તેથી આત્માના સામીપ્યમાં, સમીપતામાં સાન્નિધ્યમાં નિકટતામાં, આશ્રયમાં રહીએ. તેના સંરક્ષણથી, શ્રદ્ધા, ભક્તિ, આસ્થાથી સદ્ભાવોમાં સત્કર્મોમાં સદ્વિચારોમાંજ વસીએ, પ્રમાદને છોડીએ. પરમાં જતું મન આત્માને ભૂલાવી દે છે. તેથી પરને છોડીએ, સ્વમાં વસીએ અને માનવજીવનને સફળ, સાર્થક, સહેતુક બનાવીએ.

"ઉજવો દીપોત્સવી સગર્વ, મહાવીર નિર્વાણનું પ્યારું પર્વોતું પર્વ, સાધુત્વ, મુનિપણું અપનાવો સર્વ, અંતર ઉજાશથી પામશું સાત્ત્વિક ગર્વ."

આ સર્વોત્તમ દિને ગુરુ ગૌતમને કેમ ભૂલીએ? તેમની પાસેથી પણ વિનય-વિવેક અપ્રશસ્ત રાગ વગેરે અપનાવવાના છે તો જ આપણે ધારેલું પામી શકીએ.

"વિનય વિવેક ગુરુ ગૌતમના,
નિર્મોહ નિરાસક્ત થયા મહાવીરથી,
કેવળજ્ઞાન પામ્યા સ્વના પુરુષાર્થે,
પ્રભુ પ્રતિ અખંડ આસ્થાથી,
સર્વોત્કૃષ્ટ, સર્વોચ્ચ, સર્વોત્તમ,
પામ્યા તેઓ કેવળજ્ઞાન,
પ્રશસ્ત રાગ મોહ, છોડ્યા,
સત્ય આત્માનું થયું સાનભાન."

તેથી દીપોત્સવી પર્વ આત્મદીપ પ્રગટાવીને, આંતર પ્રકાશમય બનીને, કષાયો, વિભાવો, વગેરેના તમસને મિટાવીને, આત્માને નિષ્કષાયી સ્થિતિમાં મૂકીને, વ્યવહારથી નિરપેક્ષ, નીરાગી, નિરીહ ભાવથી બાહ્ય દુનિયામાં વસીને, નિશ્ચયથી એક આત્માનું જ લક્ષ રાખીને, સૌ સ્વરૂપને, સ્વભાવને, સ્વ-આત્માને હાંસલ કરીએ એવી પ્રભુ પ્રતિ પ્રાર્થના કરીએ અને સહુનું મંગલ ઇચ્છીએ.

●●●

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૯-૧૦-૨૦૨૩ | અસો વદ-૧ | રવિવાર | શ્રી આત્મસિદ્ધિ રચના દિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૧૧-૧૧-૨૦૨૩ થી ૧૪-૧૧-૨૦૨૩ | આસો વદ-૧૩ થી કારતક સુદ-૧ | શનિવાર થી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧૮-૧૧-૨૦૨૩ | કારતક સુદ-૫ | શનિવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૭-૧૧-૨૦૨૩ | કારતક સુદ-૧૫ | સોમવાર | પરમકૃપાળુદેવ જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૦૧-૧૨-૨૦૨૩ થી ૦૩-૧૨-૨૦૨૩ | કારતક વદ-૪ થી કારતક વદ-૬ | શુક્રવાર થી રવિવાર | પૂજ્યશ્રીની જન્મતિથિ |

## સંસ્થામાં ધર્મોલ્લાસમય વાતાવરણમાં શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૧૨-૦૯-૨૦૨૩ થી તા. ૧૯-૦૯-૨૦૨૩ દરમિયાન શ્રી પર્યુષણ મહાપર્વની આરાધના સંપન્ન થઈ. શિબિરનું સુંદર અને સફળ સંચાલન બા.બ્ર.આદ. છાયાબેન શેઠે કર્યું હતું.

**સ્વાધ્યાય :** ઈસરી આશ્રમના વર્તમાન અધિષ્ઠાતા, અનેક શાસ્ત્રોના ગહન અભ્યાસી, ચારેય અનુયોગના નિષ્ણાત આદ. બા.બ્ર. પંકજભૈયાની સ્વાધ્યાયશ્રેણી પર્યુષણ પર્વ દરમિયાન યોજાયી હતી. તેઓશ્રીએ 'દસ ધર્મ' અને 'મૃત્યુ મહોત્સવ' વિષયના આધારે સ્વાધ્યાય આપતાં જણાવ્યું કે છ મહિના ઉપરાંત કષાયના સંસ્કાર રહે તો તે અનંત સંસારનો અનુબંધ કરાવે છે. મન-વચન-કાયાથી કોમળતા આવે તો જીવન સફળ બને, જ્ઞાન હોવા છતાં મૌન રહેવું તે મોટી સાધના છે. લઘુતાથી પ્રભુતા પ્રાપ્ત થાય છે. માયાચારથી તિર્યંચ ગતિનો બંધ થાય છે. દગો કોઈનો સગો થતો નથી. લોભનો નાશ કરવા તીવ્ર પુરુષાર્થ કરવો પડે છે. 'જિસમેં સે જૂસ કમ નિકલે ઉસે કંજૂસ કહતે હૈં' નિરાકુળતા એ સાચું સુખ છે. લોભથી કામ, ક્રોધ અને મોહની ઉત્પત્તિ થાય છે. સત્ય એ અનુભૂતિનો વિષય છે. જીવનમાં સત્યાચરણનું પાલન કરવું તે સત્યધર્મ પ્રાપ્ત કરવાની પૂર્વશરત છે. ક્રોધ, લોભ, ભય કે હાસ્યને વશ થઈ અસત્ય ન બોલવું. વ્રતીને ભૂપ કે કૂપનો ડર હોતો નથી. મધુર બોલો, ધીમેથી બોલો અને જરૂર પૂરતું બોલો. પર્વ એ આત્માની સમીપ આવવાનું માધ્યમ છે. પ્રાણીવધ અને ઈન્દ્રિયોના વિષયોથી દૂર રહેવું તેનું નામ સંયમ. મૌન રહેવાથી અનેક પ્રકારના લાભ થાય છે. માત્ર મનુષ્યભવમાં પૂર્ણ સંયમ પાળી શકાય છે. કર્મોના નાશ અર્થે તપ કરવાનું છે. કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવો તેને તપ કહે છે. દાન અને પૂજાથી ગૃહસ્થોનું તપ સુશોભિત થાય છે. 'ધર્મ પચપન મેં નહીં બચપન મેં કિયા જાતા હૈં.' ત્યાગ ખોટી વસ્તુઓ અને દાન શ્રેષ્ઠ વસ્તુઓનું કરવામાં આવે છે. બુદ્ધિમાન

મૃત્યુથી ડરતા નથી. કષાય સંલેખના કરવાથી મોહ-રાગ-દ્વેષનું નિરાકરણ થાય છે. ૧૭ પ્રકારના મરણ પૈકી પંડિત પંડિત મરણ અરિહંત ભગવાનનું હોય છે. શરીરના એક અંગુલમાં ૯૬ જેટલા રોગો છે. શરીર અશુચિમય અને અસ્થિર છે. હું સદા નિર્મળ અને અવિનાશી છું. મૃત્યુ એ અનંતને ખોલવાની ચાવી છે. વિષયાસક્તને મૃત્યુની બહુ ભીતિ હોય છે. જ્ઞાન-વૈરાગ્ય સંપન્ન જીવો મૃત્યુથી ડરતા નથી. પરિવર્તન વિના પ્રગતિ થતી નથી. સંસારમાંથી થોડી થોડી નિવૃત્તિ લઈ ધર્મધ્યાન કરતા રહેવું. મૃત્યુને માતમ કે મહોત્સવ બનાવવું એ આપણા હાથમાં છે. ભૂખ, ઊંઘ અને લડાઈ જેટલા વધારો તેટલા વધે, ઘટાડો તેટલા ઘટે. ચારિત્રચક્રવર્તી આચાર્ય શાંતિસાગરજી મહારાજે પોતાના જીવનકાળમાં ૯૯૧૫ જેટલા ઉપવાસ કર્યા હતા. તેઓની સલ્લેખના ૩૬ દિવસ ચાલી હતી.

આદ. બા.બ્ર. સુરેશજીએ પરમકૃપાળુદેવ વિરચિત 'ક્ષમાપના' પાઠના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે પર્યુષણ એટલે ચારે બાજુથી આત્માને જાગૃત રાખવો. પ્રાયશ્ચિત્ત તપના ત્રણ ભાગ છે - આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન. આલોચનાના બે ભાગ છે - દોષદર્શન અને દોષનિવેદન. અંતરદૃષ્ટિથી દોષો દેખાય છે. નાના-મોટા દરેક દોષ જો દૃષ્ટિમાં આવતા હોય તો તે સદ્‌ભાગ્ય છે. ભગવાન એટલે જ્ઞાનવાન. પોતાના દોષો પ્રત્યે અત્યંત ખેદ થવો તે પ્રતિક્રમણ અને તેવા દોષો ફરી ન કરવાની પ્રતિજ્ઞા લેવી તે પ્રત્યાખ્યાન. અહં મરે તો અર્હમ થવાય. જીવ પાપથી નહિ, પાપના ફળથી ડરે છે. ક્ષમાપના એ ભાવાત્મક પ્રતિક્રમણ છે. સત્પુરુષના વચનામૃતથી આપણી ચેતના જાગૃત થાય છે. શીલ એટલે ઘણા ગુણોનો સમૂહ. શૈલની જેમ જે અડગ છે તે શીલવાન. સંસારને સુરક્ષિત રાખીને આત્મજ્ઞાનાદિ પ્રાપ્ત કરવા અશક્ય છે. નાની નાની બાબતોનું ધ્યાન રાખે તે મહાન બની શકે છે. આપણી અજાગૃતિ કે પ્રમાદથી બીજાને કષાય ન ઊપજે તેનું ધ્યાન રાખવું. જે સહજ જાણે છે, દેખે છે તે હું (આત્મા) છું. આત્મામાં અભેદ ઉપયોગ કરવો તે નિશ્ચય દયા છે. સ્વસંવેદનથી મળતી શાંતિ તે તાત્ત્વિક (સાચી) શાંતિ છે. જ્ઞાનીઓના યોગબળથી પ્રકૃતિ પણ અનુકૂળ વર્તે છે. કર્તુત્વબુદ્ધિને અહંકાર કહે છે. દર્પણની જેમ જ્ઞાનસ્વભાવી આત્મા નિર્વિકારી છે. ખોટાં સંકલ્પ-વિકલ્પો કરવાં તે ભાવપ્રપંચ છે. આત્માની શુદ્ધિ અર્થે સાધના કરવાની છે.

પૂજ્ય બહેનશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે પર્યુષણ પૂરા થયા બાદ આપણી સાધના ચાલુ રાખવાની છે. પૂજ્યશ્રી લિખિત સ્વાનુભવદશાનું વર્ણન વાંચીને પૂજ્ય બહેનશ્રીએ જણાવ્યું કે પૂજ્યશ્રીને પ્રાર્થના ખૂબ પ્રિય હતી. પ્રાયશ્ચિત્ત એ અંતરંગ તપ છે. શુદ્ધાત્માની શરણાગતિ લેવાથી આપણે પણ ક્રમે કરીને તેમના જેવા બની જઈએ છીએ. પ્રાર્થના એટલે પરમાત્માના ખોળામાં બેસી જવું. પ્રભુ તથા ગુરુની શરણાગતિ અત્યંત આવશ્યક છે. પૂજ્ય બહેનશ્રીએ સંસ્થાની શરૂઆતથી જોડાયેલા સંતો, સ્વાધ્યાયકારો અને મુમુક્ષુ ભાઈ-બહેનોને યાદ કરીને સ્મરણાંજલિ અર્પી હતી.

પૂજ્યશ્રીના સ્વાધ્યાય વીડિયોકેસેટના આધારે યોજાયા હતા.

**શ્રી ભક્તામર મહાઅર્ચના :** જૈન પરંપરામાં શ્રી ભક્તામક સ્તોત્રનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. અનેક લોકો ભાવપૂર્વક આ સ્તોત્રનું પારાયણ કરે છે. પર્યુષણપર્વ દરમિયાન શ્રી ભક્તામર મહાઅર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આદ. બા.બ્ર. સુરેશજી તથા આદ. આકાંક્ષાદીદીએ સુમધુર કંઠે ભક્તામર સ્તોત્રનું ઉચ્ચારણ, શ્લોકના અર્થ અને હિન્દી પદ્યાનુવાદ ભાવસભર પ્રસ્તુત કરીને વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું. અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ મહાઅર્ચનામાં ભાગ લઈને વિશિષ્ટ પુણ્ય ઉપાર્જિત કર્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. રાગિણીબેન, શ્રી હંસાબેન ભાવસાર, શ્રી વીણાબેન ખંધાર, શ્રી જયંતિભાઈ શાહ (હિંમતનગર), ચિ. ચંદનભાઈ વગેરેનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો; જે બદલ તેઓને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ

છીએ.

**ભક્તિસંગીત :** પર્વ દરમિયાન સંસ્થા સંચાલિત ગુરુકુળના બાળકોએ સુંદર ભક્તિ પ્રસ્તુત કરી હતી. ભાવવાહી ભક્તિથી પ્રભાવિત થઇ મુમુક્ષુઓએ ઇનામોની વર્ષા કરી હતી. આ ઉપરાંત પર્વ દરમિયાન મુમુક્ષુ ભાઈ-બહેનોની ભક્તિ, આલોચના ભક્તિ તેમજ શ્રી બૃહદ્ આલોચનામાં સૌ ભાવપૂર્વક જોડાયા હતા.

ભગવાન મહાવીર જન્મવાંચનદિને સૌ પ્રભુ મહાવીરની ભક્તિમાં રંગાયા હતા. પ્રભુ મહાવીરને પારણે ઝુલાવવાનો લાભ સૌએ લીધો હતો. આ પ્રસંગે પ્રભુની માતાને આવેલા ૧૬ સ્વપ્નોની સુંદર કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

**જીવનસંકલ્પ-દિવાળી પુસ્તિકાનું વિમોચન :** પર્વ દરમિયાન સંસ્થા પ્રકાશિત ૪૩મી દિવાળી પુસ્તિકા 'જીવનસંકલ્પ' નું વિમોચન આદ. બા.બ્ર. પંકજભૈયા તેમજ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું. એક મુમુક્ષુ બહેન તરફથી દરેકને દિવાળી પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી.

**'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા' પુસ્તકના આધારે ક્વીઝ :** પંચમકાળની વિરલ વિભૂતિ એવા પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના જીવનચરિત્રને જાણીને સૌ આત્મશુદ્ધિ કરે તેવા શુભ આશયથી 'શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા' પુસ્તકના આધારે ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્વીઝમાં કુલ પાંચ ગ્રુપ પાડવામાં આવ્યા હતા. સૌએ ઉત્સાહપૂર્વક ક્વીઝમાં ભાગ લીધો હતો. ક્વીઝમાં 'માધ્યસ્થતા' ગ્રુપે સૌથી વધુ અંક પ્રાપ્ત કર્યા હતા. (૧) શ્રી શિલ્પાબેન મહેતા (૨) શ્રી પ્રિયંકાબેન (૩) શ્રી જિતેન્દ્રભાઈ પાટીદાર (૪) શ્રી શુભમભાઈ. ક્વીઝને સફળ બનાવવા માટે શ્રી પારુલબેન મશર, શ્રી દીપ્તિબેન બાવીસી, શ્રી હીનાબેન હરિયા, બા.બ્ર.શ્રી છાયાબેન શેઠ, શ્રી હંસાબેન ભાવસાર, ડૉ. રાગિણીબેન તથા શ્રી મિતેશભાઈ શાહે ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો; જે બદલ સંસ્થા તરફથી અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

**તપની આરાધના : कर्मक्षयार्थम् तप्यतः इति तपः ।** કર્મક્ષયાર્થે તપવું તેને તપ કહે છે. પર્યુષણ મહાપર્વ દરમિયાન કર્મનિર્જરા અર્થે અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ઉપવાસ, એકાસણા, વૃત્તિપરિસંખ્યાન, રસાસ્વાદત્યાગ જેવી તપની આરાધના કરી હતી. પૂજ્ય બહેનશ્રી તથા બા.બ્ર.આદ. શ્રી સુરેશજીના વરદ હસ્તે તપસ્વીઓના પારણા કરાવવામાં આવ્યા હતા. તપસ્વીઓના પારણા તથા સ્વામિવાત્સલ્યનો લાભ આદ. મુમુક્ષુ શ્રીમતી દક્ષાબેન પ્રવીણભાઈ શાહે (યુ.એસ.એ.) લીધો હતો; જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે.

(૧) ચિ. આરવ મિતેશભાઈ શાહ - ૮ ઉપવાસ (૨) ચિ. વિરાગ કિંતનભાઈ મણિયાર - ૮ ઉપવાસ (૩) શ્રી પંકજબેન પ્રવીણભાઈ સોમૈયા - ૮ ઉપવાસ (૪) શ્રી દીપેશભાઈ મહેન્દ્રભાઈ વોરા - ૮ ઉપવાસ (૫) શ્રી નીતિનભાઈ સ્નેહલત્તાબેન મનુભાઈ શાહ - ૮ ઉપવાસ (૬) શ્રી નીરવભાઈ જયંતિલાલ શાહ - ૭૮ એકાસણા, ૧ ઉપવાસ

**પ્રકીર્ણ :** આદ. તરલાબેન દિનેશભાઈ બાવીસી તરફથી પરિવારદીઠ 'પૂજ્ય બ્રહ્મચારીજીની જીવનરેખા' નામના પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી. સાંવત્સરિક પ્રતિક્રમણ કરીને સૌએ એકબીજાને મિચ્છા મિ દુક્કડમ્ પાઠવ્યા હતા. પર્વ દરમિયાન પ્રાતઃકાળની ભક્તિ, ધ્યાન, જિનાભિષેક, જિનપૂજા વગેરે કાર્યક્રમો નિયમિતપણે યોજાયા હતા. ભોજનાલય કમિટિએ ખૂબ પ્રેમપરિશ્રમ લઇને એકાસણાના તપસ્વીઓ માટેની સુચારુ વ્યવસ્થા કરી હતી; જે બદલ તેઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. સંસ્થાના કર્મચારીગણનો પણ પર્વની સફળતા માટે સુંદર સહયોગ સાંપડ્યો હતો.

## સંસ્થામાં 'શ્રી દશલક્ષણ પર્વ' નિમિત્તે આયોજિત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ઘનિષ્ઠ ચિંતનશિબિર સાનંદ સંપન્ન

સંસ્થામાં 'શ્રી દશલક્ષણ પર્વ' નિમિત્તે તા. ૨૦-૦૯-૨૦૨૩ થી તા. ૨૮-૦૯-૨૦૨૩ દરમિયાન શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ઘનિષ્ઠ ચિંતનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં આદ. બા.બ્ર. શ્રી સુરેશજીની તત્ત્વચિંતનસભર સ્વાધ્યાયશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આદ. શ્રી ભૈયાજીએ દરરોજ સ્વાધ્યાયની ત્રણ બેઠકોમાં શ્રી આત્મસિદ્ધિના ગૂઢ રહસ્યોને સરળ છતાં સચોટ શૈલીમાં પ્રસ્તુત કર્યા હતા. ચૌદશના દિવસે સામૂહિક પ્રતિક્રમણ કરવામાં આવ્યું હતું. આ પર્વ દરમિયાન નીચેના મુમુક્ષુ ભાઈ-બહેનોએ તપની આરાધના કરી હતીઃ-

(૧) શ્રી કમળાબેન જયંતિભાઈ શાહ (હિંમતનગર) - ૩ ઉપવાસ, ૬ એકાસણા (૨) શ્રી રમેશભાઈ શાહ (સલાલ-અમદાવાદ) - ૧૭ એકાસણા (૩) શ્રી સુશીલાબેન એમ. કોઠારી (હિંમતનગર) - ૧૦ એકાસણા (૪) શ્રી દક્ષાબેન પ્રવીણભાઈ શાહ (યુ.એસ.એ.) - ૧૦ એકાસણા

આ ઉપરાંત સૌએ પોતાની શક્તિ અનુસાર તપની આરાધના કરી હતી.

## નૂતન સાહિત્ય પ્રકાશન

સહર્ષ જણાવવાનું શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા દ્વારા બા.બ્ર. શ્રી સુરેશજી લિખિત 'તત્ત્વાર્થપ્રબોધિની' ('શ્રી તત્ત્વાર્થસૂત્ર' ની ટીકારૂપ) ગ્રંથ થોડા સમયમાં પ્રકાશિત થશે; જેમાં તેમણે પ્રથમ બે અધ્યાયની મૌલિકપણે વિસ્તૃત સમજણ આપી છે. શ્રી સુરેશજીએ તત્ત્વાર્થસૂત્રની અનેક પ્રસિદ્ધ ટીકાઓના અભ્યાસ, ચિંતન અને મનન પછી આ રચના કરી છે, જે દરેક કક્ષાના મુમુક્ષુઓને અભ્યાસ માટે ખૂબ ઉપયોગી થશે. આગળ ઉપર ક્રમશઃ બીજા અધ્યાયો પણ પ્રકાશિત થવાના છે. આ ગ્રંથ તેના પ્રથમ ભાગરૂપે છે.

જિજ્ઞાસુ, મુમુક્ષુઓ માટે આ જ્ઞાનદાનનો પણ સુંદર અવસર છે. જેમને આ પ્રકાશનમાં આર્થિક યોગદાન આપવાની ભાવના હોય તેમણે નીચે આપેલ સંપર્કસૂત્રોને જણાવવા વિનંતી. (૧) શ્રી વિજયભાઈ (મેનેજર) - ૯૩૨૭૦૯૦૩૯૩ (૨) શ્રી ધવલભાઈ - ૯૪૨૬૭૫૬૪૪૨ (૩) ડૉ. રાજેશભાઈ સોનેજી (ટ્રસ્ટી) - ૯૮૨૪૦૪૭૬૨૧.

## અનુમોદના



આપણી સંસ્થામાં અવારનવાર સત્સંગ અર્થે પધારતા લીમડીના આદ. શ્રી વર્ષાબેન સુરેશભાઈ શેઠના સુપુત્રી શ્રી અર્પિતાબેન વૈભવકુમાર ગાંધી (અમદાવાદ) એ કર્મનિર્જરા અર્થે મહામૃત્યુંજય તપ (૩૧ ઉપવાસ) ની કઠિન તપની આરાધના સંપન્ન કરેલ છે. સમસ્ત કોબા પરિવાર શ્રી અર્પિતાબેનના તપની અનુમોદના કરે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **મુકુંદવાટિકા :** | (૧) | શ્રી પ્રકાશભાઈ એચ. શાહ, અમદાવાદ | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| **ભોજનાલય** | (૨) | શ્રી ડૉ. મહેન્દ્રભાઈ સી. ઝવેરી, અમદાવાદ | રૂા. ૧,૫૧,૦૦૦/- |

**કાયમીતિથિ :** (૩) શ્રી શૈલેશભાઈ પ્રતાપરાય મહેતા, પૂના રૂા. ૧,૫૧,૦૦૦/-
(૪) શ્રી રેખાબેન ચંપકભાઈ પરમાર્થી, વડોદરા રૂા. ૧,૫૦,૦૦૦/-
(૫) શ્રી ચંદ્રિકાબેન વી. પંચાલી, બોટાદ રૂા. ૧,૫૦,૦૦૦/-

**પુસ્તક પ્રકાશન :** (૧) શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી, રાજકોટ રૂા. ૫૧,૦૦૦/-
(તપસ્વી અનુમોદના)
(૨) શ્રી દક્ષાબેન પ્રવીણભાઈ શાહ, USA રૂા. ૪૫,૨૦૦/-
(સ્વામીવાત્સલ્ય, તપસ્વી પારણા, ભક્તામર પૂજા, ગુરુકુળ ભક્તિસંગીત)
(૩) શ્રી કાંતિભાઈ બી. પટેલ, વડોદરા રૂા. ૩૩,૦૦૦/-
(૪) શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર, USA રૂા. ૩૧,૧૦૦/-
(જીવદયા, ગુરુકુળ ભક્તિસંગીત, ભક્તામર પૂજા)
(૫) શ્રી કીંતનભાઈ બિપીનભાઈ મણિયાર, મુંબઈ રૂા. ૨૫,૦૦૦/-
(૬) શ્રી ડૉ. શીતલબેન રાજેશભાઈ સોનેજી, અમદાવાદ રૂા. ૨૧,૫૦૦/-
(ગુરુકુળ ભક્તિસંગીત)
(૭) શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ, લંડન રૂા. ૨૧,૦૦૦/-
(૮) શ્રી શ્રુતિબેન શૈલેષભાઈ માલદે, લંડન રૂા. ૨૧,૦૦૦/-
(૯) શ્રી મલયભાઈ પી. કારાણી, મુંબઈ રૂા. ૧૭,૦૦૦/-
હસ્તે : શ્રી સુશીલાબેન કારાણી (ગુરુકુળ ભક્તિસંગીત)
(૧૦) શ્રી મયંકભાઈ અરવિંદભાઈ કારાણી, મુંબઈ રૂા. ૧૨,૦૦૦/-
(ગુરુકુળ ભક્તિસંગીત)
(૧૧) શ્રી હરેશભાઈ ફૂલચંદ શાહ, સુરત રૂા. ૧૧,૦૦૦/-
(૧૨) શ્રી પ્રિયંકાબેન સુતરિયા, ચિત્રોડા રૂા. ૧૧,૦૦૦/-
(૧૩) શ્રી દિવ્યેશભાઈ બાટવીયા, બેંગ્લોર રૂા. ૧૧,૦૦૦/-
(૧૪) શ્રી મગનભાઈ ડી. પટેલ, પાલનપુર રૂા. ૧૧,૦૦૦/-

**સાધારણ :** (૧) શ્રી વિમલાબેન ટી. સાવલા, મુંબઈ રૂા. ૫૦,૦૦૦/-

**ભોજનાલય પ્રભાવના :** (૧) શ્રી મંજુલાબેન સોમાણી, અમદાવાદ રૂા. ૨૪,૬૦૦/-
હસ્તે : શ્રી બીનાબેન સોમાણી
(જીવદયા, પુસ્તક પ્રકાશન, ગુરુકુળ ભક્તિસંગીત, ભક્તામર પૂજા)

**સાધુવૈયાવચ્ચ :** (૧) શ્રી નિષ્માબેન કીંતનભાઈ મણિયાર, મુંબઈ રૂા. ૧૫,૦૦૦/-

**કર્મચારી કલ્યાણનિધિ :** (૧) શ્રી શિવાભાઈ શંકરદાસ પટેલ, મહેસાણા રૂા. ૧૨,૦૦૦/-
(તપસ્વી અનુમોદના)

**ગુરુકુળના બાળકો માટે ચોપડા :** (૧) શ્રી જ્યોતીન્દ્રભાઈ દોશી, રાજકોટ રૂા. ૧૦,૦૦૦/-


## 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' દાનવીર મહાનુભાવો

સંસ્થામાં 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' તરીકે યોગદાન આપનારા દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-


(૧) શ્રી મયૂરીબેન સી. શાહ, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-

(૨) શ્રી મીનાબેન બિપીનભાઈ મણિયાર, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-

## વૈરાગ્ય સમાચાર



**(૧) ચીતરી(રાજસ્થાન):-** આપણી સંસ્થાના બા.બ્ર. આદ. શ્રી અલકાદીદી તથા પૂજ્ય આચાર્યશ્રી ચંદ્રગુપ્તજીના ગૃહસ્થાશ્રમના પિતાશ્રી **રાજેન્દ્રજી શાહ** મુનિદીક્ષા સહિત આદર્શ સલ્લેખનાપૂર્વક આચાર્યશ્રીના આશ્રયમાં ૬૯ વર્ષની ઉંમરે લાસૂર ગામમાં સમાધિમરણને પ્રાપ્ત થયા છે. અસ્વસ્થ તબિયત છતાં તેઓશ્રી આચાર્યશ્રીના ચાતુર્માસનો લાભ લેવા લાસૂર આવ્યા હતા. અનેક સંબોધનો બાદ મૃત્યુને સમીપ નિહાળતા તેઓની વિનંતીને માન આપી આચાર્યશ્રી ચંદ્રગુપ્તજીએ તેઓશ્રીને ક્ષુલ્લકશ્રી ચંદ્રાભનંદીજી નામ આપી ત્રણ દિવસ પહેલા દીક્ષિત કર્યા. ત્યારબાદ મુનિદીક્ષા આપી મુનિશ્રી ચંદ્રાભનંદીજી એવું નામ આપ્યું. તેઓશ્રીએ ક્રમશઃ આહારત્યાગ કરતાં આચાર્યશ્રી અને ત્યાગી સાધકોના સાન્નિધ્યમાં સલ્લેખનાપૂર્વક સમાધિમરણ કર્યું છે. મૃત્યુને મહોત્સવ બનાવનાર આવા ભવ્ય આત્માને કોબા પરિવાર વંદન સહિત ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે. તેઓ શીઘ્ર પોતાની મોક્ષની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરે તેવી અભ્યર્થના.



**(૨) મુંબઈ :** સંસ્થા તેમજ પૂજ્યશ્રી આત્માનંદજીને સમર્પિત, ભક્તરત્ન, સાધકવિશેષ મુરબ્બી **આદ. શ્રી શિરીષભાઈ મહેતા**એ તા. ૧૮-૦૯-૨૦૨૩ ના રોજ ૮૭ વર્ષની વયે નશ્વર દેહનો ત્યાગ કર્યો છે. તેઓશ્રીનું જીવન ભક્તિપ્રધાન હતું. પૂજ્યશ્રી તેઓને કોબા પરિવારના ભક્તરત્ન કહેતા. તેઓ સમયપાલનના ચુસ્ત આગ્રહી હતા. તેથી પૂજ્યશ્રી તેઓને કોબાના વલ્લભભાઈ પટેલ કહેતા. સવારે બરાબર ૫.૧૫ વાગ્યે તેઓશ્રીના ૐકારના મધુર ધ્વનિથી આખો આશ્રમ જાગૃત થઇ જતો. કર્મનિષ્ઠા અને ચોક્સાઇ એ તેઓના વ્યક્તિત્વની આગવી વિશેષતા હતી. સંસ્થાના સમગ્ર દૈનિક કાર્યક્રમમાં તેઓશ્રીની અચૂક હાજરી હોય. પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે તેમનો સમર્પણભાવ ખરે જ સરાહનીય છે. પ્રમાદનો ત્યાગ કરીને પૂજ્યશ્રીની પ્રત્યેક આજ્ઞાનું પાલન કરવા તેઓ સદા તત્પર રહેતા. તેઓશ્રી સરળ, સુશીલ તથા ધર્મપ્રેમી હતા. તેઓશ્રીએ પોતાની જીવનરૂપી લત્તાને સુસંસ્કારોરૂપી જળથી સદા નવપલ્લવિત રાખી હતી. તેઓશ્રીના ધર્મપત્ની સ્વ. પદ્માબેનના જીવનના અંત સમયે તેમની ઈચ્છા પ્રમાણે તેમને કોબા લઈ આવ્યા હતા અને બે દિવસમાં પૂજ્યશ્રી તથા મુમુક્ષુઓની હાજરીમાં પ્રભુસ્મરણ કરતાં કરતાં તેઓએ નાશવંત દેહનો ત્યાગ કર્યો હતો. ધર્મના ક્ષેત્રે શિરીષદાદાને સ્વ. પદ્માબેનનો પ્રશંસનીય સહયોગ સંપ્રાપ્ત થયો હતો. પદ્માબેનના દેહાવસાન બાદ શિરીષદાદાને આઘાત લાગ્યો હતો, પરંતુ પૂજ્યશ્રીના અધ્યાત્મપ્રેરક પત્રથી તેઓશ્રીના જીવનની દશા અને દિશા બદલાઈ ગઇ. થોડા જ દિવસોમાં તેઓ મુંબઈ છોડીને પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સેવા-સાધના અર્થે કોબા આશ્રમમાં સુસ્થિત થઇ ગયા. પોતાનું શેષ જીવન ધર્મ અને અધ્યાત્મની પ્રાપ્તિ અર્થે વીતાવ્યું. તેઓએ ઇ.સ. ૨૦૦૪ થી ઇ.સ. ૨૦૧૯ સુધી વર્ષમાં ૩૦૦ દિવસ કોબા આશ્રમમાં રહી ધર્મઆરાધના કરી. તેઓશ્રી દરરોજ સાંજે ૭.૧૫ વાગ્યે પૂજ્યશ્રી પાસે ભક્તિ કરવા જતા અને પૂજ્યશ્રીના પ્રિય ભજનો સંભળાવતા. તે સમયે ઘણા મુમુક્ષુઓ પણ ભક્તિ કરવા સંતકુટિરમાં

આવતા. શિરીષદાદા સુમધુર કંઠે ભાવવાહી ભક્તિ કરતા. તેઓશ્રી પોતાના કુટુંબીજનોને ધર્મનો વારસો સોંપતા ગયા છે. તેઓશ્રીનું વ્યવહારિક જીવન પણ ઉત્તમ હતું. તેઓ પોતાની ઇચ્છા કે આગ્રહ બીજા પર લાદતા નહીં. તેઓશ્રીએ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજો અદા કરી હતી. નિઃસ્પૃહતા એ તેઓશ્રીના જીવનની આંખે ઉડીને વળગે તેવી વિશિષ્ટતા હતી.

પૂજ્યશ્રીની વિદાય પછી તેઓની તબિયત અસ્વસ્થ થઇ જવાથી મુંબઈ જવું પડ્યું હતું. તેઓના સુપુત્ર ભાઈશ્રી પુનિતભાઈ તથા કુટુંબીજનોએ તેઓની પ્રશંસનીય સેવા-શુશ્રૂષા કરી હતી. તેઓ આગામી ભવોમાં વિશેષ આરાધના કરી શીઘ્ર પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૩) **મુંબઈ** - આપણી સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઈ પારેખના ભાઈ (સ્વ.) અશોકભાઈના ધર્મપત્ની **શ્રી કલ્પનાબેનનું** તા. ૨૮-૦૯-૨૦૨૩ ના રોજ ૬૬ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ ખૂબ ધર્મપ્રેમી અને સેવાભાવી હતા. તેઓ પોતાના પરિવારજનોને ધર્મસંસ્કારનો વારસો સોંપતા ગયા છે. તેઓ પોતાના પતિ અશોકભાઈ સાથે કોબા આશ્રમમાં સત્સંગનો લાભ લેવા પધારતા હતા. પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે તેઓને અત્યંત આદરભાવ હતો. તેઓ પૂજ્યશ્રી રાકેશભાઈ (ધરમપુર) ની આજ્ઞામાં રહીને પોતાનું જીવન વ્યતીત કરતા હતા. કેન્સર જેવી ગંભીર બીમારીમાં પણ તેઓએ અદ્‌ભુત સમતા રાખીને શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને તેઓ પરમપદની પ્રાપ્તિ કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



(૪) **સાયલા :** આત્માર્થી **સુધાબહેન વિનુભાઈ શાહ**નું ૮૩ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ સાયલા આશ્રમમાં પૂજ્ય બાપુજીને સમર્પિત હતા. છેલ્લા ચાર દાયકાથી પ્રેમ અને સમર્પણ સાથે તેઓ બધી આજ્ઞાઓનું પાલન કરતા. સત્‌દેવ-ગુરુ-ધર્મમાં તેમને સારી શ્રદ્ધા હતી. સ્વ-પર કલ્યાણની તેઓની ઉત્કૃષ્ટ ભાવના હતી. વિદેશમાં રહીને આધ્યાત્મિક જીવન જીવીને તેઓ આત્મશ્રેય સાધી ગયા. તેઓને તત્ત્વજ્ઞાનમાં ખૂબ રુચિ હતી. સ્પષ્ટ ઉચ્ચારણ, લક્ષ અને એકાગ્રતાયુક્ત વાંચન એ તેઓની ધ્યાનાકર્ષક વિશેષતા હતી. શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતનો તેઓએ ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેનો સ્વાધ્યાય પણ કરાવતા હતા. છેલ્લા ઘણા વર્ષોથી સાયલા આશ્રમમાં રહીને તેઓએ આત્મકલ્યાણ કર્યું હતું. કર્મના વિપરીત ઉદયમાં તેઓએ સમતા રાખી હતી. પૂજ્ય ભાઇશ્રી નલીનભાઈ હૉસ્પિટલમાં તેઓને મળવા ગયા ત્યારે સુધાબેને કહ્યું કે મારે આત્માની મસ્તીમાં રહેવું છે.

સને ૧૯૮૪ ની યુ.કે.ની ધર્મયાત્રા દરમિયાન તેઓ પૂજ્યશ્રી આત્માનંદજીના સંપર્કમાં આવ્યા હતા. ત્યારથી અવારનવાર તેઓ કોબા આશ્રમમાં પધારીને સત્સંગનો લાભ લેતા હતા. તેઓશ્રીની ભાવના અનુસાર કોબા આશ્રમને એક લાખ રૂપિયાનું યોગદાન આપ્યું છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને આગામી થોડા ભવમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## ક્વીઝ વેળાએ







## તપસ્વીઓના પારણા



## સાંવત્સરિક પ્રતિક્રમણ

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-GAMC-309/2021-2023 issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month




## સંસ્થા પ્રકાશિત દિવાળી પુસ્તિકા 'જીવનસંકલ્પ' નું વિમોચન

### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' ઓક્ટોબર - ૨૦૨૩ ના અંક માટે નીચેના પ્રત્યેક દાનવીર મહાનુભાવોનો રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ સાંપડ્યો છે. સંસ્થા તેઓશ્રીઓના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**આદ. શ્રીમતી પુષ્પાબેન જયંતિભાઈ શાહ પરિવાર, લંડન**

**શ્રીમતી શ્રુતિબેન શૈલેષભાઈ માલદે પરિવાર, લંડન (યુ.કે. ધર્મયાત્રા નિમિત્તે જ્ઞાનદાન પેટે)**

૨ **શ્રી લંડન મુમુક્ષુમંડળ**

હસ્તે : શ્રી ભરતભાઈ બાવીસી, શ્રીમતી જ્યોત્સનાબેન સામજી, શ્રીમતી તૃષિતબેન શાહ, શ્રીમતી જ્યોત્સનાબેન શાહ પરિવાર

૩ **સ્વ. શ્રી કાંતાબેન શરતચંદ્ર મહેતાની પુણ્યસ્મૃતિ નિમિત્તે**

હસ્તે : શ્રી નિકેતા મહેન્દ્રભાઈ મહેતા, પૂના

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,